અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

25 DECEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 174 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
અમેરિકી રિપોર્ટ- બાંગ્લાદેશમાં મિલિટરી બેઝ બનાવવા માગે છે ચીન : દુનિયાના દરિયાઈ માર્ગો પર નજર....

4 
પ્રેમના અનુબંધને વધુ ને વધુ મજબૂત બનાવવો એ જ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે!

6 
ભારત સામેની સિરીઝ માટે ન્યૂઝીલેન્ડ ટીમની જાહેરાત : માઈકલ બ્રેસવેલ વન-ડેમાં કેપ્ટનશીપ કરશે

7 
સોના-ચાંદીના ભાવે સતત ત્રીજા દિવસે રેકોર્ડ તોડ્યો: ચાંદીમાં એક જ દિવસમાં રૂ. 8 હજારનો વધારો

# PM મોદીએ VB-G RAM G એક્ટનું સમર્થન કર્યું

## ગામડાઓમાં રોજગારની સાથે સંપત્તિ બનશે, નવો કાયદો MGNREGAનું સ્થાન લેશે

**નવી દિલ્હી, તા.24**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વિકસિત ભારત ગેરંટી રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) એક્ટ (VB-G RAM G) 2025 ને સમર્થન આપ્યું. તેમણે કહ્યું કે આ કાયદો માત્ર ગ્રામીણોને રોજગારી આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેનાથી ગામડાઓમાં કામની સાથે-સાથે સ્થાયી સંપત્તિઓ બનશે, ખેતીને મજબૂતી મળશે અને લાંબા ગાળે ગ્રામીણ વિસ્તારોની ઉત્પાદકતા વધશે. PMO અનુસાર, આ કાયદો બનાવતા પહેલા કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો સાથે વાત કરી. આ ઉપરાંત, નિષ્ણાતો સાથે તકનીકી બેઠકો અને અલગ-અલગ હિતધારકો સાથે ચર્ચા પણ કરવામાં આવી, જેથી તમામ પાસાઓને ધ્યાનમાં રાખી શકાય.

VB-G RAM G બિલ સંસદના શિયાળુ સત્રમાં વિપક્ષના હોબાળા અને વિરોધ વચ્ચે 18 ડિસેમ્બરે પસાર થયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 21 ડિસેમ્બરે મંજૂરી આપી, ત્યારબાદ આ કાયદો બન્યો હતો. આ નવો કાયદો MGNREGA ની જગ્યાએ લાગુ કરવામાં આવશે. વડાપ્રધાન કાર્યાલય (PMO) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણનો એક લેખ શેર કર્યો.



આ પહેલા મંગળવારે નાગૌરમાં કિસાન સંમેલનને સંબોધિત કરતા ચૌહાણે કહ્યું હતું- 'કોંગ્રેસ ચિંતિત છે અને યોજનાની ટીકા કરી રહી છે. તે દાવો કરી રહી છે કે તેનાથી નોકરીઓ છીનવાઈ જશે. આ ઘણી સારી યોજના છે જે ગામડાઓને સંપૂર્ણપણે બદલી નાખશે.'

તેમણે કહ્યું, 'અમે તેને ઓછું નથી કર્યું પરંતુ વધાર્યું છે. તેઓ મજૂરોને ડરાવવા અને ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યોજના હેઠળ હવે કુલ વાર્ષિક ખર્ચ અંદાજિત રૂપે 1.51 લાખ કરોડ રૂપિયા છે. કોંગ્રેસમાં બેઠેલા લોકો ન તો ખેતર સમજે છે ન ગામ. તેમણે ન ખેતર જોયા છે ન ગામ ન માટી. તેમને એ પણ ખબર નથી કે બટાકા જમીનની નીચે ઉગે છે કે ઉપર.'

VB-G RAM G એક્ટને લઈને રાજકીય વિરોધ પણ સામે આવ્યો છે. DMKના નેતૃત્વ હેઠળના ગઠબંધને ચેન્નઈમાં આ કાયદા વિરુદ્ધ પ્રદર્શન કર્યું. વિપક્ષી પક્ષોનો આરોપ છે કે નવા નિયમોથી રોજગાર ગેરંટી નબળી પડશે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચેના તાલમેલ પર અસર પડશે.

સરકારે કહ્યું કે નવા કાયદા હેઠળ હવે દરેક ગ્રામીણ પરિવારને વર્ષમાં 125 દિવસ કામ આપવાની ગેરંટી મળશે, જે પહેલા 100 દિવસ હતી. તેનાથી ગામડાઓમાં રહેતા પરિવારોને વધુ કામ મળશે અને તેમની આર્થિક સુરક્ષા મજબૂત થશે. કાયદાની કલમ 22 હેઠળ, આ યોજનાનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકારો સંયુક્ત રીતે ઉઠાવશે. સામાન્ય રાજ્યોમાં ખર્ચની વહેંચણી 60 ટકા કેન્દ્ર અને 40 ટકા રાજ્ય વચ્ચે થશે.

પૂર્વોત્તર રાજ્યો, પહાડી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો - જેમ કે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્ર સરકાર 90 ટકા ખર્ચ ઉઠાવશે. કલમ 6 અનુસાર, રાજ્ય સરકારો ખેતીના વ્યસ્ત સમયગાળા દરમિયાન, જેમ કે વાવણી અને લણણી દરમિયાન, વર્ષમાં વધુમાં વધુ 60 દિવસ સુધી આ યોજના હેઠળ મળતા કામને નિયંત્રિત કરી શકશે.

# ઈસરોએ 6100 કિલોનો અમેરિકી સેટેલાઇટ લોન્ચ કર્યો: ભારતમાંથી મોકલવામાં આવેલો સૌથી ભારે સેટેલાઇટ, પૃથ્વી પર ગમે ત્યાંથી વીડિયો કૉલ કરી શકાશે

**શ્રીહરિકોટા, તા.24**

ભારતનું સૌથી ભારે 'બાહુબલી' રોકેટ, LVM3-M6 (લોન્ચ વ્હીકલ માર્ક 3-M6), બુધવારે સવારે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું. શરૂઆતમાં 8:54 વાગ્યે નિર્ધારિત સમયપત્રક પછી રોકેટ 90 સેકન્ડ મોડા 8:55:30 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું.

ISRO અનુસાર, હજારો સક્રિય ઉપગ્રહો શ્રીહરિકોટા અવકાશ વિસ્તાર પરથી સતત પસાર થઈ રહ્યા છે, જેના કારણે માર્ગ ગીચ બની રહ્યો છે. ઉડાન માર્ગ પર કાટમાળ અથવા અન્ય ઉપગ્રહો સાથે અથડાવાના જોખમને કારણે LVM3-M6 મિશનનો લોન્ચ સમય 90 સેકન્ડ વધારવામાં આવ્યો છે. આ મિશન ISRO અને અમેરિકન કંપની AST SpaceMobile વચ્ચેના વાણિજ્યિક કરારનો એક ભાગ છે. આ કરાર હેઠળ ISRO LVM3-M6 રોકેટનો ઉપયોગ કરીને બ્લૂબર્ડ બ્લોક-2 ઉપગ્રહને લો-અર્થ ઓર્બિટ (LEO)માં લોન્ચ કરશે. આ આગામી પેઢીનો સંચાર ઉપગ્રહ છે, જે વિશ્વભરના સ્માર્ટફોન પર સીધી હાઈ-સ્પીડ સેલ્યુલર બ્રોડબેન્ડ સેવા પહોંચાડવા માટે રચાયેલો છે.

આનાથી 4G અને 5G વોઈસ કોલ, વીડિયો કોલ, મેસેજિંગ અને ડેટા સર્વિસીઝ વિશ્વમાં ગમે ત્યાં ઉપલબ્ધ થઈ શકશે. કોઈપણ સ્માર્ટફોનનો ઉપયોગ કરીને અવકાશમાંથી સીધા કોલ કરી શકાય છે, જોકે હાલમાં પ્લેનમાંથી કોલ કરી શકાતા નથી, કારણ કે એ નેવિગેશન સિસ્ટમને અસર કરે છે.

# તાઈવાનમાં 6.1 તીવ્રતાનો ભૂકંપ : ચીન, ફિલિપાઈન્સ અને જાપાન સુધી આંચકા અનુભવાયા, એક વર્ષ પહેલા 7.2 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો

**તાઈપે, તા.24**

તાઈવાનના દક્ષિણ-પૂર્વીય વિસ્તારમાં બુધવારે સાંજે લગભગ 5:47 વાગ્યે 6.1 તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. કોઈ નુકસાનની જાણ થઈ નથી. તેના આંચકા ચીન, ફિલિપાઈન્સ અને જાપાન સુધી અનુભવાયા હતા.

કેન્દ્રીય હવામાન પ્રશાસન (CWA) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર તાઈતુંગ કાઉન્ટી હોલથી 10.1 કિલોમીટર ઉત્તરમાં હતું અને તેની ઊંડાઈ 11.9 કિલોમીટર હતી. તાઈવાનમાં ભૂકંપની તીવ્રતા 1 થી 7ના સ્કેલ પર માપવામાં આવે છે. તાઈતુંગ કાઉન્ટીમાં તીવ્રતા સ્તર 5 નોંધવામાં આવ્યું હતું, જ્યારે હુલીએન અને પિંગતુંગ કાઉન્ટીમાં સ્તર 4 અનુભવાયું હતું. નેશનલ ફાયર એજન્સીએ જણાવ્યું કે તાઈવાનમાં હાલમાં કોઈ પણ પ્રકારના નુકસાનના કોઈ સમાચાર નથી.

તાઈવાનની ચિપ બનાવતી કંપની TSMCએ જણાવ્યું કે ભૂકંપની તીવ્રતા એટલી નહોતી કે આખા ટાપુ પર આવેલી તેની ફેક્ટરીઓને ખાલી કરાવવાની જરૂર પડે.

તાઈવાનના હુલિએન વિસ્તારમાં 3 એપ્રિલ 2024ના રોજ 7.4 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ છેલ્લા 25 વર્ષોમાં આવેલો સૌથી શક્તિશાળી ભૂકંપ હતો.



આ ભૂકંપમાં 19 લોકોના મોત થયા હતા, 1100થી વધુ લોકો ઘાયલ થયા હતા, ઘણી ઈમારતો નમી ગઈ હતી અથવા ધરાશાયી થઈ હતી, અને પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન થયું હતું.

આ ભૂકંપ 21 સપ્ટેમ્બર 1999ના ચી-ચી ભૂકંપ પછીનો સૌથી મોટો ભૂકંપ હતો. 1999ના એ ભૂકંપની તીવ્રતા 7.7 હતી, જેમાં 2400થી વધુ લોકો માર્યા ગયા હતા અને ભારે તબાહી સર્જાઈ હતી.

તદુપરાંત, 2016માં દક્ષિણ તાઈવાનમાં આવેલા 6.4 તીવ્રતાના ભૂકંપમાં 100થી વધુ લોકોના મોત થયા હતા.

તાઈવાનમાં વધુ ભૂકંપ એટલા માટે આવે છે કારણ કે તે પૃથ્વીની બે મોટી ટેક્ટોનિક પ્લેટો- યુરેશિયન પ્લેટ અને ફિલિપાઈન સી પ્લેટના સંગમ પર આવેલું છે.

આ પ્લેટો એકબીજા તરફ આગળ વધી રહી છે અને અથડાઈ રહી છે, જેના કારણે જમીનની અંદર ઘણું દબાણ પેદા થાય છે. જ્યારે આ દબાણ અચાનક મુક્ત થાય છે, ત્યારે ભૂકંપ આવે છે.

આ જગ્યા પ્રશાંત મહાસાગરની આસપાસની 'રિંગ ઓફ ફાયર'નો હિસ્સો છે, જ્યાં દુનિયાના સૌથી વધુ ભૂકંપ અને જ્વાળામુખીની ઘટનાઓ બને છે.

તાઈવાનમાં ફિલિપાઈન સી પ્લેટ યુરેશિયન પ્લેટની નીચે ધસી રહી છે (સબડક્શન પ્રક્રિયા), જેના કારણે ટાપુ પર પર્વતો બની રહ્યા છે અને ઘણી સક્રિય ફોલ્ટ લાઈનો છે. આ જ કારણે અહીં દર વર્ષે હજારો નાના-મોટા આંચકા આવે છે.

જાપાનમાં 8 ડિસેમ્બરના રોજ આઓમોરી પ્રાંત પાસે 7.5ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જાપાન ટાઈમ્સના જણાવ્યા અનુસાર, આ ભૂકંપમાં 30 લોકો ઘાયલ થયા હતા.

જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સીએ આઓમોરી, ઈવાતે અને હોકાઈડો પ્રાંતો માટે સુનામીની ચેતવણી જારી કરી હતી. થોડા કલાકો પછી આ ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી. ભૂકંપના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. રસ્તાઓ ધસી પડ્યા હતા, જેના કારણે ઘણી ગાડીઓ ફસાઈ ગઈ હતી.



# અમદાવાદની સ્નેહાંજલિ સોસાયટીનાં 25 મકાન પર AMCના બુલડોઝર ફરી વળ્યાં

**અમદાવાદ, તા.24**



અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલા બે કરોડના બંગલાની સ્નેહાંજલિ સોસાયટીનાં તમામ 25 મકાન પર આખરે મ્યુનિસિપલ કોર્પોરેશનનાં બુલડોઝર ફરી વળ્યાં છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને સ્થાનિકો વચ્ચે સોસાયટીનાં મકાનો ખાલી કરવાને લઈને ચર્ચા કરવામાં આવી હતી. એ બાદ તેમને 23 ડિસેમ્બર સુધીમાં તમામ મકાનો ખાલી કરવા માટે સમય આપવામાં આવ્યો હતો.

આજે 24 ડિસેમ્બરના રોજ સવારે ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા 2 હિટાચી મશીન અને 2 જેસીબી સહિત મજૂરો દ્વારા મકાનો તોડી પાડવામાં આવ્યાં છે. મકાનોના ડિમોલિશનને કારણે ધૂળ ઊડી રહી હોવાથી હવા પ્રદૂષણ ન વધે એ માટે મિસ્ટ મશીન દ્વારા પાણીનો પણ છંટકાવ કરવામાં આવી રહ્યો હતો.

થલતેજ વિસ્તારની સ્નેહાંજલિ સોસાયટીમાં બિલ્ડર અને સ્થાનિક રહીશો વચ્ચે વર્ષોથી મકાનો મામલે વિવાદ ચાલતો હતો અને ત્યાર બાદ આ બાબતે કોર્ટમાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને સોસાયટીનાં મકાનોને તોડીને પ્લોટનો કબજો સોંપવા માટે કહેવામાં આવ્યું હતું. એને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સ્નેહાંજલિ સોસાયટીના રહીશોને મકાનો ખાલી કરવા માટેની નોટિસ આપવામાં આવી હતી. નોટિસ આપવામાં આવતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ જ્યારે મકાનો તોડવા માટે ગયા ત્યારે ખૂબ હોબાળો કરવામાં આવ્યો હતો.

સ્થાનિક રહીશો દ્વારા હોબાળો કરવામાં આવ્યો, જે બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોને શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાં આવેલા સરદાર પટેલ નગર ખાતે મકાનો ફાળવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને સ્થાનિક રહીશો દ્વારા મકાનો ખાલી કરી દેવા માટેની બાંયધરી આપી હતી, પરંતુ એના માટે સમય માગવામાં આવ્યો હતો. જેથી 23 ડિસેમ્બર સુધીમાં મકાનો ખાલી કરી દેવા માટે તેમને જણાવવામાં આવ્યું હતું. પાંચ જેટલાં મકાનો તૂટી ગયેલાં હતાં. એ બાદ તમામ રહીશો દ્વારા મકાનો ખાલી કરી દેવામાં આવ્યાં હતાં.

24 ડિસેમ્બરના રોજ સવારે ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ સ્નેહાંજલિ સોસાયટી ખાતે પહોંચી હતી. 2 હિટાચી મશીન અને 2 જેસીબી તેમજ કોન્ટ્રેક્ટરના મજૂરો સાથે ડિમોલિશની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આજે બાકીનાં 20 જેટલાં મકાનોને તોડી પાડવામાં આવ્યાં. તમામ મકાનો ડિમોલિશન કરીને આ પ્લોટનો કબજો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે મૂળ માલિક છે તેમને સોંપવામાં આવશે. સ્નેહાંજલિ સોસાયટીના વિવાદને લઈને આજે 16 ડિસેમ્બરના રોજ બોડકદેવ ખાતેની ઉત્તર-પશ્ચિમ ઝોનની ઝોનલ કચેરીએ એસ્ટેટ વિભાગના ડેપ્યુટી મ્યુ. કમિશનર તથા ઉત્તર-પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુ. કમિશનરની અધ્યક્ષતામાં સ્નેહાંજલિ સોસાયટીના તમામ રહેણાકના કબજેદારો સાથે મિટિંગ થઈ હતી. હાલ હંગામી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શાસ્ત્રીનગર વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલા સરદાર પટેલનગર ખાતેનાં આવાસોમાં શિફ્ટ થવા માટે તમામ સભ્યોએ સંમતિ દર્શાવી હતી.

તમામ સભ્યો દ્વારા બાંયધરી આપવામાં આવી હતી કે આ આવાસો પેટે ભાડાની ચુકવણી કે અન્ય નાણાકીય બાબતે ગુજરાત હાઉસિંગ બોર્ડ અને AMC જે નિર્ણય લેશે એ તેમને સ્વીકાર્ય છે. આ વિવાદ પૂર્ણ થયા બાદ AMC દ્વારા આજે સ્નેહાંજલિ સોસાયટીનાં તમામ મકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું.

હાલમાં સ્નેહાંજલિ સોસાયટી જે જગ્યાએ છે એ વિસ્તાર મૂળ ઔડા હસ્તક હતો. વર્ષ 1983-84માં સ્નેહાંજલિ સોસાયટીના સભ્યોએ સર્વે નંબર 113/2 પૈકીની જમીન ખરીદવામાં આવી હતી. ટીપી સ્કીમમાં આ સર્વે નંબરની જગ્યાએ એફપી 68ની ફાળવણી અન્ય જગ્યાએ કરવામાં આવી હતી. સ્નેહાંજલિ સોસાયટીના સભ્યોને એફપીમાં જગ્યા ફાળવવામાં આવી હતી. આ બાબતે જાણ હોવા છતાં તેમણે પોતાના સર્વે નંબરની મૂળ જગ્યા પર વર્ષ 1989માં બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું, આથી આ સર્વે નંબરની જગ્યા જે માલિકોને FP તરીકે ફાળવવામાં આવી હતી તેમણે વર્ષ 1989માં તેનો વાંધો ઔડા સમક્ષ ઉઠાવ્યો હતો.

ઔડાની નોટિસ સામે રહીશોએ સિટી સિવિલ કોર્ટમાં દાવો ઔડા દ્વારા સ્નેહાંજલિ સોસાયટીના રહીશોને ગેરકાયદે બાંધકામ બાબતે નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી. સ્નેહાંજલિ સોસાયટીના રહીશોએ બાબતથી વાકેફ હતા કે તેઓ એવી જગ્યા પર ગેરકાયદે બાંધકામ કરી રહ્યા છે કે જે જગ્યાએ તેમની માલિકીની નથી. આ નોટિસની સામે રહીશોએ સિટી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો અને કોર્ટ દ્વારા બાંધકામ દૂર કરવા બાબતે મનાઈ હુકમ ઈસ્યુ કરવામાં આવ્યો હતો. સ્નેહાંજલિ સોસાયટીના રહીશોએ સર્વે નંબર 113/2ની જમીન તેના મૂળ માલિકોના પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી ખરીદી હતી.

## આઉટસોર્સિંગથી સ્પોર્ટ્સ આસિસ્ટન્ટની ભરતી મુદ્દે હલ્લાબોલ અધિકારી મળવા ન આવતા NSUI-યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ રોષે ભરાયા, ઓફિસમાં હોબાળો કરતા પોલીસે ધક્કા મારી બહાર કાઢ્યા

**અમદાવાદ, તા.24**



રાજ્યની સરકારી કોલેજોમાં સ્પોર્ટ્સ આસિસ્ટન્ટ તરીકે 21000 પગાર આપીને આઉટસોર્સિંગમાં ભરતી કરવાનો નિર્ણય લેવાતા NSUI અને યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ નોંધવામાં આવી રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી પાસે આવેલા KCG કેમ્પસમાં યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. 'દિલીપ રાણા હાય હાય'ના નારા સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોઈ અધિકારી હાજર ન હોવાનું કહેતા ઉશ્કેરાઈ તમામ કાર્યકર્તાઓ ઓફિસમાં ઘૂસી ગયા હતા. જ્યાં હાજર કર્મચારીઓએ વીડિયો ઉતારતા યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ બબાલ કરી હતી. ભારે બબાલ થયા બાદ અધિકારીઓ આવેદનપત્ર લેવા માટે બહાર આવ્યા હતા. યુથ કોંગ્રેસ અને NSUI એ આવેદનપત્ર આપી આઉટસોર્સિંગ ભરતીનો નિર્ણય રદ કરવા માંગ કરી હતી.

રાજ્યની 50 જેટલી સરકારી કોલેજોમાં છેલ્લા 3 વર્ષથી સ્પોર્ટ્સ અધ્યાપકની જગ્યા ખાલી પડી છે. કોમનવેલ્થ ગેમ્સની વાત કરવામાં આવે છે પરંતુ, 50 જેટલી સરકારી કોલેજોમાં સ્પોર્ટ્સ અધ્યાપક જ ન હોવાથી કઈ રીતે ખેલાડીઓ તૈયાર થતા હશે તેને લઈને પણ એક મોટો સવાલ છે. જેથી હવે કાયમી ભરતી ન થાય ત્યાં સુધી આઉટસોર્સિંગ પર સ્પોર્ટ્સ આસિસ્ટન્ટની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. 50 જગ્યાઓ પર સ્પોર્ટ્સ આસિસ્ટન્ટની ભરતી કરી 21 હાજર પગાર આપવાનો નિર્ણય લેવાતા ભારે વિરોધ થવા લાગ્યો છે. યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા KGC ખાતે સ્પોર્ટ્સ આસિસ્ટન્ટ ભરતી કરવા કરવાના નિર્ણય મુદ્દે વિરોધ કરવામાં આવ્યો હતો. 'દિલીપ રાણા હાય હાય' અને 'શોષણ કરવાનું બંધ કરો'ના નારા સાથે યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ નારા લગાવ્યા હતા. જેને શિક્ષણની ખબર નથી, એ શારીરિક શિક્ષણના અધ્યાપકોની ભરતીની ડિઝાઈન તૈયાર કરશે? એવા પોસ્ટર સાથે મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસના અને NSUIના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો. યુથ કોંગ્રેસ અને NSUIના વિરોધના કારણે મોટી સંખ્યામાં પોલીસ પણ ગોઠવી દેવામાં આવી હતી. જે બાદ આવેદનપત્ર આપવા માટે કોઈ અધિકારીઓ હાજર ન હોવાનું કહેતા યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓ રોષે ભરાયા હતા. જેથી, મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસના અને NSUIના કાર્યકર્તાઓ ઓફિસમાં ઘૂસી ગયા હતા. જ્યાં નારા લગાવી વિરોધ કરવામાં આવ્યો હતો. જે બાદ હાજર કર્મચારીઓએ વિરોધ કરનાર NSUI અને યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓનો વિરોધનો વીડિયો ઉતારતા ભારે બબાલ થઈ હતી. NSUIના કાર્યકર્તાઓની કર્મચારીઓ સાથે ભારે બોલાચાલી થઈ હતી. કેટલાક NSUIના કાર્યકર્તાઓ મારામારી કરવા જતા પોલીસે તમામને રોકી ધક્કા મારીને બહાર કાઢ્યા હતા. યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓનો ઉગ્ર વિરોધ જોતા બીજા ફ્લોર પર બેઠેલા અધિકારીઓ બહાર આવી ગયા હતા. જે બાદ તમામને આવેદનપત્ર સાથે બીજા ફ્લોર પર બોલાવવામાં આવ્યા હતા. જ્યાં પણ યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ ભારે હલ્લાબોલ કર્યો હતો. KGCના જોઈન્ટ સેક્રેટરીને આવેદનપત્ર આપી સ્પોર્ટ્સ આસિસ્ટન્ટની ભરતીનો નિર્ણય રદ કરવા માંગ કરી હતી. જો નિર્ણય રદ નહીં થાય તો ગુજરાતભરમાં આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## કરજણમાં પાદરાના સરકારી ગોડાઉનનું અનાજ સગેવગે કરવાનું કૌભાંડ! : વાહન, અનાજ અને મોબાઈલ ફોન સહિત કુલ 7.48 લાખનો મુદ્દામાલ જપ્ત

**વડોદરા, તા.24**



વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના જુના બજાર વિસ્તારમાં સરકારી અનાજની ગેરકાયદે હેરાફેરીનું કૌભાંડ પોલીસે ઝડપી પાડ્યું છે. જિલ્લના કરજણ પોલીસે આ કાર્યવાહીમાં વાહન, અનાજ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 7.48 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી બાજુ પુરવઠા વિભાગે પણ તપાસ શરૂ કરી છે. કરજણ પોલીસે કરજણના જુના બજારમાં ને.હા.નં.48 ખાતે આવેલ શિવવાડી મંદિરની પાછળ નર્મદા કેનાલના કાચા રસ્તા પર આઈસર ટ્રકમાં સરકારી અનાજ ભરેલું હોવાની બાતમી મળી હતી, આ બાતમીના આધારે કરજણ પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીમાં કુલ 185 બોરી ભરેલ અનાજ હતું જેમાં 120 બોરી ચોખા ,60 બોરી ઘઉં,5 બોરી ચણા હતા. આ મામલે પોલીસે કરજણ પુરવઠા વિભાગને જાણ કરતા તાત્કાલિક આ અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે ઝડપેલ સરકારી અનાજ ટ્રકમાં સવાર એક શખ્સને ઝડપી પૂછપરછ કરી હતી. આ તપાસમાં તેનું નામ કાનાભાઈ કાળુભાઈ મીર (ઉ.વ. 31, ધંધો, ડ્રાઈવિંગ) હોવાનું જણાવ્યું હતું. ગાડીમાં શું ભરેલું છે તે બાબતે પૂછતાં તેણે ઘઉં, ચણા અને ચોખાનું અનાજ હોવાનું સ્વીકાર્યું હતું. જોકે અનાજના બીલ માંગતા તેની પાસે કોઈપણ દસ્તાવેજ ન હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની વધુ પૂછપરછમાં ડ્રાઈવરે આ અનાજ પાદરા ખાતે આવેલા સરકારી ગોડાઉનમાંથી ભરેલું હોવાનું અને તેને છૂટક રીતે અલગ અલગ વેપારીઓને વેચવાનો ઈરાદો હોવાનું જણાવ્યું હતું. આ કાર્યવાહીમાં પોલીસે મોબાઈલ ફોન, આઈસર ગાડી અને અનાજનો જથ્થો મળી કુલ રૂપિયા 7,48,000નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## 'મને સપનામાં આદેશ આવ્યો ને હાથ ખેંચ્યો' : એક તરફી પ્રેમમાં પાગલ દિયરે ભાભીની છેડતી કરીને કહ્યું, પોલીસે આરોપીને પકડ્યો

**અમદાવાદ, તા.24**



અમદાવાદમાં એક તરફી પ્રેમમાં પાગલ બનેલા દિયરે ભાભીનો હાથ ખેંચીને છેડતી કરી હતી. જે મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી ત્યારે પોતાના સ્વબચાવમાં કહ્યું કે અલ્લાહ એ કહ્યું એટલે મેં હાથ ખેંચ્યો હતો. મહત્વનું છે કે એક વર્ષ અગાઉ પણ દિયરે ભાભીનો પીછો કરી એક તરફી પ્રેમમાં હેરાન કરતો હતો. જે અંગે મહિલાએ અગાઉ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદમાં જમાલપુરમાં રહેતા 46 વર્ષથી મહિલા ઘરકામ કરે છે. મહિલાના સાસુના ભાઈનો દીકરો અહેરાજ હુસેન ઉત્તર પ્રદેશથી ત્રણ વર્ષ અગાઉ રહેવા આવ્યો હતો. એહરાજ હુસેન અવારનવાર મહિલાના સાસુને મળવાના બહાને તેમના ઘરે આવતો હતો અને મહિલાના પતિ ઘરેના હોય ત્યારે વધારે આવતો હતો. વર્ષ 2024માં એહરાજ હુસેન મહિલાનો પીછો કરતો હતો.

જ્યારે મહિલાના પતિએ આ અંગે સવાલ કર્યો ત્યારે જણાવ્યું હતું કે, હું તારી પત્નીને પ્રેમ કરું છું અને હું તેને જોવા માટે તેનો પીછો કરું છું અને તને પીછો કરતો રહીશ.જો તું વચ્ચે પડીશ તો તને પતાવી દઈશ ધમકી પણ આપી હતી.આ અંગે મહિલાએ 2024માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આરોપી જામીન પર બહાર આવ્યા બાદ પણ મહિલાનો ફરી પીછો કરતો હતો. ગઈકાલે(23 ડિસેમ્બરે) જ્યારે મહિલા અને તેના સાસુ ઘરે હતા ત્યારે તે ફરીથી આવ્યો હતો અને મહિલાના સાસુએ તેને જતા રહેવાનું કહ્યું ત્યારે અહેરાજે બુમાબુમ કરી હતી.

મહિલાનો હાથ પકડીને કહ્યું હતું કે, તું ચાલ મારી સાથે,તે કરેલ કેસમાં જજ સામે ખોટી ફરિયાદ કરી છે તેમ કહી નિકાલ કરી દે, હું તને પ્રેમ કરું છું. હું તને રાખીશ તેમ કહી મહિલાનો હાથ ખેંચવા લાગ્યો હતો. મહિલાના સાસુ સસરાએ વચ્ચે પડીને હાથ છોડાવ્યો હતો.

ત્યારે મહિલાને ધમકી આપી હતી કે તેના પતિને પતાવી દેશે. આ અંગે મહિલાએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અહેરાજ હુસેનની ધરપકડ કરી છે.

પોલીસે આરોપીની ધરપકડ કરી ત્યારે આરોપી પોલીસ પૂછપરછમાં જણાવતા હતું કે, તેને અલ્લાહનો અવાજ આવતો હતો અને અલ્લાહે જ તેને મહિલાનો હાથ ખેંચવાનું કહ્યું હતું. અગાઉ પણ તેને અલ્લાહે જ મહિલાનો હાથ ખેંચવાનું કહેતા તેનો હાથ ખેંચ્યો હતો.

## બૂટલેગરે બીજા બૂટલેગરના અડ્ડા પર 'જનતા' બની રેડ પાડી : દારૂના અડ્ડા અને દારૂની પોટલીઓનો વીડિયો ઉતારી વાઈરલ કર્યો

**સુરત, તા.24**



સુરતના ભેસ્તાન વિસ્તારમાં તાજેતરમાં થયેલી એક કથિત 'જનતા રેડ'માં ચોંકાવનારો વળાંક આવ્યો છે, જેમાં જાગ્રત નાગરિકોના નામે દેશી દારૂના અડ્ડા પર દરોડા પાડનારી વ્યક્તિ પોતે જ એક બૂટલેગર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ભેસ્તાન પોલીસે વાઈરલ વીડિયોના આધારે તપાસ હાથ ધરતાં ઘટસ્ફોટ થયો હતો કે આદિત્ય રાજપૂત નામના બૂટલેગરે ધંધાકીય હરીફાઈમાં બીજા બૂટલેગરનો અડ્ડો બંધ કરાવવા માટે 'જનતા રેડ'નો ડ્રામા રચ્યો હતો.

ઉલ્લેખનીય છે કે એક બૂટલેગરે બીજા બૂટલેગરનો ધંધો પડાવવા માટે રચેલા ડ્રામાનો સીધો અર્થ એ થાય છે કે સુરતમાં ખુલ્લેઆમ દારૂના અડ્ડા ચાલી રહ્યાં છે. PIએ આડકતરી રીતે દારૂ વેચાતો હોવાનું સ્વીકારતાં કહ્યું, આ જનતા રેડ નહોતી, પરંતુ ધંધાકીય હરીફાઈનું પરિણામ હતું. બૂટલેગરનો ધંધો બંધ કરાવવા અન્ય બૂટલેગરે નાટક રચ્યું હતું.

વિસ્તારમાં આવેલી ચંદાલ ચોકડી પાસે અચાનક કેટલાક લોકોનું ટોળું એક દેશી દારૂના અડ્ડા પર ત્રાટક્યું હતું. આ ટોળાએ દારૂના પોટલાં પકડ્યા અને એના વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યા હતા. વીડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ એક 'જનતા રેડ' છે અને પોલીસની રહેમનજર હેઠળ ચાલતા અડ્ડાઓને જનતા પોતે બંધ કરાવી રહી છે. વાઈરલ વીડિયોમાં અડ્ડાનું લોકેશન અને ત્યાં ચાલતા કાળા કારોબારની વિગતો પણ આપવામાં આવી હતી. જ્યારે આ વીડિયો પોલીસ સુધી પહોંચ્યો ત્યારે ભેસ્તાન પોલીસ હરકતમાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર અલ્પેશ ગાબાણી અને તેમની ટીમે જ્યારે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી ત્યારે સત્ય કંઈક અલગ જ નીકળ્યું. તપાસમાં જાણવા મળ્યું કે આ રેડ કોઈ સામાન્ય જનતાએ નહીં, પરંતુ આદિત્ય રાજપૂત નામના શખસે કરી હતી. ચોંકાવનારી વાત એ છે કે આદિત્ય રાજપૂત પોતે પણ દેશી દારૂના વેચાણ સાથે સંકળાયેલો છે અને તેની સામે અગાઉ પણ પોલીસ કેસ નોંધાઈ ચૂક્યા છે.

ભેસ્તાન પોલીસે આ ઘટના બાદ ત્વરિત કાર્યવાહી કરી છે. ઘટનાસ્થળેથી 15 લિટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. દારૂ રાખવા બદલ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જનતા રેડના નામે કાયદો હાથમાં લેનારા અને અફવા ફેલાવનારાં તત્ત્વો સામે પણ પોલીસ કડક વલણ અપનાવી રહી છે. સુરતના બૂટલેગરો હવે પોલીસથી બચવા માટે નહીં, પણ એકબીજાને પછાડવા માટે 'જનતા'ના મહોરાનો ઉપયોગ કરી રહ્યા છે, જે કાયદો અને વ્યવસ્થા માટે એક નવો પડકાર બની રહ્યો છે.

## જામનગરમાંથી 22 ગુનાના આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો : લૂંટ અને ધાડના ગુનામાં મુખ્ય ભૂમિકા હતી

**સુરત, તા.24**



ક્રાઈમ બ્રાન્ચે છેલ્લા 8 વર્ષથી નાસતા ફરતા રીઢા ધાડપાડુ આરોપીને ઝડપી પાડ્યો છે. વર્ષ 2017માં સરથાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી લૂંટ અને ધાડના ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર આરોપી સુનીલ ઉર્ફે સોનીયો જેદુન ઉર્ફે યહુન સારેલને જામનગરથી દબોચી લેવામાં આવ્યો છે. જામનગરના જામવંથલી ગામ ખાતે કડીયાકામની મજૂરી કરતો હતો. 30 નવેમ્બર 2017ના રોજ રાત્રીના 11:30 વાગ્યાની આસપાસ સુરતના પાસોદરા લસકાણા વિસ્તારમાં આવેલ માનવ ફાર્મ સામેના એક મકાનમાં ધાડ પડી હતી. આરોપી સુનીલ અને તેના અન્ય સાગરીતોએ પ્રાણઘાતક હથિયારો સાથે મકાનમાં પ્રવેશ કર્યો હતો. લૂંટના ઈરાદે આવેલા આ શખ્સોએ મકાનમાં હાજર ફરિયાદીના માતા-પિતા અને ભાઈ પર કુહાડીના ઉંધા ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ સોના-ચાંદીના દાગીના, રોકડ અને 3 મોબાઈલ ફોન મળી કુલ 66,500 રૂપિયાની મત્તા લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં અગાઉ પોલીસે 8 સાગરીતોની ધરપકડ કરી લીધી હતી, પરંતુ મુખ્ય આરોપી સુનીલ સતત પોલીસને થાપ આપી રહ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાંચની 'નાસતા ફરતા સ્કોડ' તેને પકડવા માટે અગાઉ સેલવાસ અને તેના વતન મધ્યપ્રદેશમાં પણ તપાસ કરી હતી, પરંતુ તે દર વખતે નાસી છૂટવામાં સફળ રહેતો હતો.

તાજેતરમાં ક્રાઈમ બ્રાંચને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી પોતાની ઓળખ છુપાવી જામનગરના જામવંથલી ગામ પાસે કડીયાકામની મજૂરી કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે જામવંથલીની નવી બંધાતી સાઈટો પર વોચ ગોઠવી હતી.

## મકરપુરા GIDCમાં સતત ત્રીજી કંપનીમાં ચોરી : સ્ટિલ ફેબ્રીકેટેડ કંપનીમાંથી 75 હજારના મત્તાની ચોરી, ચોરીઓ વધતા કંપનીઓના સંચાલકોમાં ભયનો માહોલ

**વડોદરા, તા.24**



વડોદરા શહેરમાં આવેલ મકરપુરા GIDCમાં ત્રીજી કંપનીમાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં સ્ટિલ ફેબ્રીકેટેડ નામની કંપનીમાંથી અજાણ્યા ચોરોએ સ્ટેનલેસ સ્ટીલની પ્લેટો તેમજ કોપર વાયરનું ગૂંચળું સહિત કુલ 75 હજારની મત્તાની ચોરી કરી હતી. આ મામલે કંપનીના માલિકે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

ફરિયાદી અતુલભાઈ મણીલાલ પંચાલ (ઉ.વ. 45) મકરપુરા GIDCમાં 'સ્ટિલ ફેબ્રીકેટેડ' નામની કંપની ચલાવે છે. તેમના ફરિયાદ અનુસાર, ગત 6 નવેમ્બરના રોજ સવારે 8:30 વાગ્યે તેમણે કંપની ખોલી હતી અને સાંજે 7 વાગ્યે કંપનીના કર્મચારીએ મુખ્ય ગેટ બંધ કરી તાળું મારીને જતા રહ્યા હતા.

રાત્રે લગભગ 9 વાગ્યે કંપનીની બાજુમાં રહેતા એક વ્યક્તિએ ફોન કરીને જાણ કરી કે કંપનીના ગેટનું તાળું તૂટેલું છે. ફરિયાદી તુરંત કંપનીએ પહોંચ્યા ત્યારે મુખ્ય ગેટનું તાળું તોડીને ચોરોએ અંદર પ્રવેશ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. કંપનીમાં તપાસ કરતાં સ્ટેનલેસ સ્ટીલની બે પ્લેટો તેમજ એક કોપર વાયરનું ગૂંચળું ગાયબ હતું. કુલ મળીને 75 હજાર રૂપિયાની મત્તાની ચોરી થઈ છે. ફરિયાદીએ ચોરીના સામાનની શોધખોળ કરી હતી.

## આજી નદી કાંઠાના દબાણ હટાવવા તંત્રની કાર્યવાહી સામે કોંગ્રેસનો આક્રોશ : 26 ડિસેમ્બરે ઈન્દ્રનીલ રાજ્યગુરુની આગેવાનીમાં મહારેલી, ગરીબોને બેઘર કરવાનો આક્ષેપ....

**રાજકોટ, તા.24**



રાજકોટમાં આજી નદીના કાંઠે ભવિષ્યમાં આકાર લેનારા રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ધ્યાનમાં રાખી નદી કાંઠા પર સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં અંદાજિત 400 કરોડ રૂપિયાની જમીન પર થયેલા 1350 જેટલા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા દબાણકારોને નોટિસ આપવામાં આવી છે. જેના કારણે સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે અને રાજકીય ઈશારે આ કામગીરી થતી હોવાનો આક્ષેપ કરાયો છે. જોકે, હવે દબાણકર્તાની વ્હારે કોંગ્રેસ આવી છે અને આગામી 26 ડિસેમ્બરને શુક્રવારના રોજ જંગલેશ્વરથી કલેક્ટર કચેરી સુધી રેલી યોજી વિરોધ સાથે ઉગ્ર રજુઆત પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરુની આગેવાનીમાં કરવામાં આવશે.

રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુએ જણાવ્યું હતું કે, જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવા તંત્રએ જે નોટિસ પાઠવી છે અને ગરીબોના મકાન પાડી દેવાની તૈયારી કરી છે, તેને સાખી લેવામાં નહિ આવે. ગઈકાલે જંગલેશ્વર વિસ્તારમાં જે રહેવાસીઓને નોટિસ મળી છે, તેમની સાથે એક મિટિંગ યોજી ઉગ્ર રજુઆત અને વિરોધની ચીમકી ઉચ્ચારવામા આવી હતી. જેમાં આગામી 26 ડિસેમ્બરને શુક્રવારે બપોરના 2 વાગ્યે મહાદેવ હરના નારા સાથે રેલી શરૂ કરી બાદમાં જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવશે.

સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ભ્રષ્ટાચાર કરવા માટે જાણીતી છે. અહીંયા પણ તેમને ભ્રષ્ટાચાર જ કરવો છે પરંતુ, અમે તેમને કરવા દઈશું નહિ. માત્ર 25 વારના મકાનમાં રહેતા લોકોના મકાન તમે તોડી પાડશો તો તેઓ બેઘર થઈ જશે. વિકાસ થાય તેમાં કોંગ્રેસ સરકારની સાથે છે પરંતુ, ભ્રષ્ટાચાર કરવા માટે ગેરકાયદે ગરીબોના મકાન પચાવી તેના પર બુલડોઝર ફેરવવાની વાતો છે જે અમે થવા દેશું નહીં જરૂર પડ્યે ગાંધીનગર સુધી આખા ગુજરાતમાં ચલાવીશું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ચીનની બેવડી ચાલ પર અમેરિકાની ભારતને ચેતવણી:એક તરફ દિલ્હી સાથે સંબંધો સુધારવાના પ્રયાસો, બીજી તરફ પાકિસ્તાનને હથિયારો આપી રહ્યું છે

**વોશિંગ્ટન, તા.24**

અમેરિકાએ ભારતને ચીનની બેવડી રણનીતિ અંગે ચેતવણી આપી છે. પેન્ટાગોનના 2025ના રિપોર્ટ અનુસાર, ચીન એક તરફ ભારત સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, તો બીજી તરફ પાકિસ્તાન સાથે સૈન્ય સહયોગ વધારી રહ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઓક્ટોબર 2024માં ભારત અને ચીને LAC પર બાકી રહેલા સંઘર્ષવાળા વિસ્તારોમાંથી પાછા હટવા પર સહમતિ દર્શાવી હતી. જોકે, પેન્ટાગોનનું આકલન છે કે ચીનનો હેતુ ભારત સાથેના સંબંધોને સામાન્ય કરીને તેને અમેરિકાની વધુ નજીક જવાથી રોકવાનો છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત-ચીન વચ્ચે વિશ્વાસનો અભાવ હજુ પણ યથાવત છે. બંને વચ્ચે અરુણાચલ પ્રદેશને લઈને વિવાદ મોટો મુદ્દો છે.

ચીન અરુણાચલને પોતાનો હિસ્સો ગણાવતું રહ્યું છે, જે ભારતની સાર્વભૌમત્વને સીધો પડકાર છે. બેઈજિંગ અરુણાચલના મુદ્દાને તાઈવાન અને સાઉથ ચાઈના સી જેટલું જ મહત્વ આપે છે. પેન્ટાગોને પાકિસ્તાનમાં ચીનની વધતી સૈન્ય ભૂમિકા પર ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટ અનુસાર, ચીન 2020થી અત્યાર સુધી પાકિસ્તાનને 36 J-10C લડાકુ વિમાન આપી ચૂક્યું છે.

આ ઉપરાંત બંને દેશો મળીને JF-17 ફાઈટર જેટ બનાવી રહ્યા છે. પાકિસ્તાનને ચીની ડ્રોન અને નૌકાદળના ઉપકરણો પણ મળી રહ્યા છે.

ડિસેમ્બર 2024માં ચીન અને પાકિસ્તાને સંયુક્ત આતંકવાદ વિરોધી સૈન્ય અભ્યાસ પણ કર્યો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં પાકિસ્તાનમાં ચીની સૈન્ય ઠેકાણાં બની શકે છે, જેનાથી ભારતની સરહદો નજીક ચીનની હાજરી વધશે.

રિપોર્ટ અનુસાર, ભારત સાથે જોડાયેલા મોરચાને સંભાળતી ચીનની વેસ્ટર્ન થિયેટર કમાન્ડે 2024માં ઊંચાઈવાળા વિસ્તારોમાં વિશેષ સૈન્ય અભ્યાસ કર્યા.



ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) બાંગ્લાદેશ અને પાકિસ્તાન સહિત દુનિયાના 21 દેશોમાં નવા મિલિટરી બેઝ બનાવવાની યોજના પર કામ કરી રહી છે. આનો હેતુ ચીનની નેવી અને એરફોર્સને દૂરના દેશો સુધી ઓપરેશન કરવામાં મદદ આપવાનો અને ત્યાં આર્મી તૈનાત કરવાનો છે.

આ માહિતી અમેરિકી સંરક્ષણ વિભાગ 'પેન્ટાગોન'ના રિપોર્ટમાં સામે આવી છે. PLA ને એવા વિસ્તારોમાં સૌથી વધુ રસ છે જ્યાંથી વિશ્વનો મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર પસાર થાય છે, જેમ કે મલક્કા સ્ટ્રેટ, હોર્મુઝ સ્ટ્રેટ અને આફ્રિકા તથા મિડલ ઈસ્ટના કેટલાક વ્યૂહાત્મક પોઈન્ટ્સ.

નિષ્ણાતોના મતે, ચીનના આ વિદેશી સૈન્ય ઠેકાણાઓ માત્ર સૈન્ય મદદ માટે જ નહીં, પરંતુ ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. આવું લોજિસ્ટિક નેટવર્ક અમેરિકા અને તેના સહયોગી દેશોની સેનાઓની ગતિવિધિઓ પર નજર રાખવામાં મદદ કરી શકે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા-ચીન સંબંધોમાં તાજેતરના વર્ષોમાં થોડો સુધારો આવ્યો છે. અમેરિકા ઈચ્છે છે કે બંને દેશોની સેનાઓ વચ્ચે વાતચીત વધે, જેથી ટકરાવ ટાળી શકાય અને સ્થિતિ નિયંત્રણમાં રહે. સાથે જ અમેરિકા એ પણ સ્પષ્ટ કરે છે કે તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પોતાના હિતોની રક્ષા માટે હંમેશા તૈયાર રહેશે. રિપોર્ટ અનુસાર, ચીને 2027 સુધીમાં પોતાની સેનાને આ લાયક બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

રિપોર્ટ અનુસાર, આ પ્રવૃત્તિઓ મોટાભાગે ગુપ્ત અને તકનીકી રીતે થશે, જેને યજમાન દેશો માટે પકડવી મુશ્કેલ હશે. આનાથી ચીનને અમેરિકા અને તેના ભાગીદાર દેશોની સૈન્ય ગતિવિધિઓની વધુ સારી જાણકારી મળી શકશે.

આ સાથે જ, ચીન તેના વિદેશી સૈન્ય માળખા માટે કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ પણ મજબૂત કરી રહ્યું છે, જેથી દૂરના વિસ્તારોમાં આવેલા તેના ઠેકાણાઓને વધુ સારી રીતે સંચાલિત કરી શકાય.

નિષ્ણાતો માને છે કે ચીનનું આ પગલું વૈશ્વિક સ્તરે તેની સૈન્ય શક્તિ અને પ્રભાવ વધારવાની દિશામાં એક મોટો પ્રયાસ છે.

છેલ્લા 25 વર્ષથી અમેરિકી સંસદ સંરક્ષણ વિભાગ (પેન્ટાગોન) પાસેથી દર વર્ષે એક રિપોર્ટ તૈયાર કરાવી રહી છે, જેમાં ચીનની સૈન્ય તાકાત અને તેની રણનીતિ પર નજર રાખવામાં આવે છે. આ રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે ચીન સતત પોતાની સેનાને મજબૂત કરી રહ્યું છે અને પોતાની વૈશ્વિક ભૂમિકા વધારી રહ્યું છે.

રિપોર્ટ અનુસાર, આ સમયે ચીનની સેનાનું મુખ્ય ધ્યાન 'ફર્સ્ટ આઈલેન્ડ ચેઈન' પર છે. આ આઈલેન્ડ ચેઈન જાપાનથી લઈને મલેશિયા સુધી ફેલાયેલો દરિયાઈ વિસ્તાર છે. ચીન તેને એશિયામાં પોતાના વ્યૂહાત્મક હિતોનું કેન્દ્ર માને છે. પરંતુ જેમ જેમ ચીન આર્થિક અને સૈન્ય દ્રષ્ટિએ શક્તિશાળી બની રહ્યું છે, તેમ તેમ તેની સેનાને દુનિયાભરમાં તાકાત બતાવવા લાયક બનાવવાની તૈયારીઓ પણ તેજ થઈ રહી છે.

અમેરિકાનું કહેવું છે કે તેનો હેતુ ચીનને નીચું દેખાડવાનો નથી, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ દેશ આ વિસ્તારમાં અમેરિકા કે તેના સહયોગીઓ પર પ્રભુત્વ ન જમાવી શકે. આ માટે અમેરિકા તાકાત દ્વારા શાંતિ જાળવી રાખવા માંગે છે.

રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ચીનની સેના પોતાને અમેરિકા જેવા 'મજબૂત દુશ્મન' સામે તૈયાર કરી રહી છે. ચીનનો ટાર્ગેટ છે કે તે અમેરિકાને દુનિયાની સૌથી શક્તિશાળી શક્તિ તરીકે પાછળ છોડી દે. આ માટે તે આખા દેશની તાકાત લગાવવાની રણનીતિ અપનાવી રહ્યું છે, જેને તે 'નેશનલ ટોટલ વોર' કહે છે.

ચીને છેલ્લા વર્ષોમાં પરમાણુ હથિયારો, લાંબા અંતરની મિસાઈલ સિસ્ટમ, નૌકાદળ, સાયબર અને અવકાશ ક્ષમતાઓમાં ઝડપથી વધારો કર્યો છે. 2024માં ચીની સાયબર હુમલાઓ, જેમ કે 'વોલ્ટ ટાયફૂન'એ અમેરિકાને નિશાન બનાવ્યું, જેનાથી અમેરિકાની સુરક્ષાને સીધો પડકાર મળ્યો.

PLA તાઈવાનને બળજબરીથી ચીનમાં ભેળવવા માટે ઘણા વિકલ્પો પર કામ કરી રહ્યું છે, જેમાં સમુદ્ર માર્ગે હુમલો, મિસાઈલ સ્ટ્રાઈક અને તાઈવાનની નાકાબંધીનો સમાવેશ થાય છે.

2024માં ચીને આવા ઘણા સૈન્ય અભ્યાસ કર્યા, જેમાં તાઈવાન અને આસપાસના વિસ્તારોમાં હુમલા અને અમેરિકી સેનાઓને નિશાન બનાવવાનો સમાવેશ થતો હતો. આ હુમલાઓની મારક ક્ષમતા 1500થી 2000 નોટિકલ માઈલ સુધીની હોઈ શકે છે.

ચીન માને છે કે અમેરિકા અને તેના સહયોગી દેશો તેની પ્રગતિ રોકવા માંગે છે. અમેરિકા દ્વારા તાઈવાનને હથિયાર આપવા, ફિલિપાઈન્સમાં મિસાઈલ તૈનાત કરવા અને તકનીકી પ્રતિબંધો લગાવવાથી ચીન નારાજ છે. તેમ છતાં ચીન અમેરિકા સાથે વાતચીતના દરવાજા ખુલ્લા રાખવા માંગે છે, જેથી પરિસ્થિતિ સંપૂર્ણપણે બગડે નહીં.

2024માં અમેરિકા અને ચીનની સેનાઓ વચ્ચે ઘણા સ્તરો પર વાતચીત થઈ, પરંતુ વર્ષના અંતે ચીને અમેરિકી સૈન્ય પ્રમુખો સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો. અમેરિકાનું કહેવું છે કે તે તણાવ ઓછો કરવા માટે સંપર્ક જાળવી રાખવા માંગે છે.

# અમેરિકી રિપોર્ટ- બાંગ્લાદેશમાં મિલિટરી બેઝ બનાવવા માગે છે ચીન : દુનિયાના દરિયાઈ માર્ગો પર નજર, રોકાણના બહાને ગુપ્ત માહિતી એકઠી કરી શકે છે

**વોશિંગ્ટન, તા.24**

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) બાંગ્લાદેશ અને પાકિસ્તાન સહિત દુનિયાના 21 દેશોમાં નવા મિલિટરી બેઝ બનાવવાની યોજના પર કામ કરી રહી છે. તેનો હેતુ ચીનની નેવી અને એરફોર્સને દૂરના દેશો સુધી ઓપરેશન કરવામાં મદદ કરવાનો અને ત્યાં આર્મી તૈનાત કરવાનો છે.

આ માહિતી અમેરિકી ડિફેન્સ ડિપાર્ટમેન્ટ 'પેન્ટાગન'ના રિપોર્ટમાં સામે આવી છે. PLAને એવા વિસ્તારોમાં સૌથી વધુ રસ છે, જ્યાંથી દુનિયાનો મહત્ત્વનો દરિયાઈ વેપાર પસાર થાય છે, જેમ કે મલક્કા સ્ટ્રેટ, હોર્મુઝ સ્ટ્રેટ અને આફ્રિકા તથા મિડલ ઈસ્ટના કેટલાક વ્યૂહાત્મક પોઈન્ટ્સ.

નિષ્ણાતોના મતે ચીનના આ વિદેશી સૈન્ય ઠેકાણાં માત્ર સૈન્ય મદદ માટે જ નહીં, પરંતુ ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. આવું લોજિસ્ટિક નેટવર્ક અમેરિકા અને તેના સહયોગી દેશોની સેનાઓની ગતિવિધિઓ પર નજર રાખવામાં મદદ કરી શકે છે.

રિપોર્ટ અનુસાર આ પ્રવૃત્તિઓ મોટાભાગે ગુપ્ત અને તકનીકી રીતે થશે, જેને યજમાન દેશો માટે પકડવી મુશ્કેલ હશે. આનાથી ચીનને અમેરિકા અને તેના ભાગીદાર દેશોની સૈન્ય ગતિવિધિઓની વધુ સારી જાણકારી



મળી શકશે. આ સાથે જ ચીન પોતાના વિદેશી સૈન્ય માળખા માટે કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ પણ મજબૂત કરી રહ્યું છે, જેથી દૂર-દૂરના વિસ્તારોમાં આવેલા પોતાના ઠેકાણાઓને વધુ સારી રીતે ઓપરેટ કરી શકાય.

છેલ્લા 25 વર્ષથી અમેરિકી સંસદ સંરક્ષણ વિભાગ (પેન્ટાગોન) પાસેથી દર વર્ષે એક રિપોર્ટ તૈયાર કરાવી રહી છે, જેમાં ચીનની સૈન્ય તાકાત અને તેની રણનીતિ પર નજર રાખવામાં આવે છે. આ રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે ચીન સતત પોતાની સેનાને મજબૂત કરી રહ્યું છે અને પોતાની વૈશ્વિક ભૂમિકા વધારી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, આ સમયે ચીનની સેનાનું મુખ્ય ધ્યાન 'ફર્સ્ટ આઈલેન્ડ ચેઈન' પર છે. આ આઈલેન્ડ ચેઈન જાપાનથી લઈને મલેશિયા સુધી ફેલાયેલો દરિયાઈ વિસ્તાર છે.

ચીન તેને એશિયામાં પોતાના વ્યૂહાત્મક હિતોનું કેન્દ્ર માને છે. પરંતુ જેમ જેમ ચીન આર્થિક અને સૈન્ય દ્રષ્ટિએ શક્તિશાળી બની રહ્યું છે, તેમ તેમ તેની સેનાને દુનિયાભરમાં તાકાત બતાવવા લાયક બનાવવાની તૈયારી પણ તેજ થઈ રહી છે.

અમેરિકાનું કહેવું છે કે તેનો હેતુ ચીનને નીચું બતાવવાનો નથી, પરંતુ તે સુનિશ્ચિત કરવાનો છે કે આ વિસ્તારમાં કોઈ પણ દેશ અમેરિકા કે તેના સહયોગીઓ પર પ્રભુત્વ ન જમાવી શકે. આ માટે અમેરિકા તાકાત દ્વારા શાંતિ જાળવી રાખવા માંગે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ચીનની સેના પોતાને અમેરિકા જેવા 'મજબૂત દુશ્મન' સામે તૈયાર કરી રહી છે. ચીનનો ટાર્ગેટ છે કે તે અમેરિકાને દુનિયાની સૌથી શક્તિશાળી શક્તિ તરીકે પાછળ છોડી દે. આ માટે તે આખા દેશની તાકાત ઝોંકવાની રણનીતિ અપનાવી રહ્યું છે, જેને તે 'નેશનલ ટોટલ વોર' કહે છે.

ચીને છેલ્લા વર્ષોમાં પરમાણુ હથિયારો, લાંબા અંતરની મિસાઈલ સિસ્ટમ, નૌકાદળ, સાયબર અને અવકાશ ક્ષમતાઓમાં ઝડપથી વધારો કર્યો છે. 2024માં ચીની સાયબર હુમલાઓ, જેમ કે 'વોલ્ટ ટાઈફૂન'એ અમેરિકાને નિશાન બનાવ્યું, જેનાથી અમેરિકાની સુરક્ષાને સીધો પડકાર મળ્યો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા-ચીન સંબંધોમાં તાજેતરના વર્ષોમાં થોડો સુધારો આવ્યો છે.

# ભાઈનો આરોપ- હાદીની હત્યા યુનુસ સરકારે કરાવી : ચૂંટણી રોકવા માટે આવું કર્યું, બાંગ્લાદેશમાં 2 મહિનામાં ચૂંટણી થવાની છે....

**ઢાકા, તા.24**

ભારત અને શેખ હસીના વિરોધી બાંગ્લાદેશી નેતા ઉસ્માન હાદીની હત્યાના કેસમાં તેમના ભાઈ શરીફ ઉમર હાદીએ યુનુસ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે.

ઉમર હાદીએ કહ્યું કે સરકારની અંદર કેટલીક શક્તિઓ જ ઉસ્માન હાદીની હત્યા પાછળ છે, જેથી આગામી રાષ્ટ્રીય ચૂંટણીને પાટા પરથી ઉતારી શકાય.

ઉમરે આ આરોપો તેમણે શાહબાગમાં ઈન્કલાબ મંચના 'શહીદી શપથ' કાર્યક્રમમાં લગાવ્યા. ઉમર હાદીએ યુનુસ સરકારને સંબોધિત કરતા કહ્યું, "તમે જ લોકોએ ઉસ્માન હાદીને મરાવ્યા છે, અને હવે આ મુદ્દાનો ઉપયોગ કરીને ચૂંટણી રોકવાનો પ્રયાસ કરી રહ્યા છો."

હાદીને 12 ડિસેમ્બરે ઢાકામાં ગોળી મારવામાં આવી હતી, જેના પછી સિંગાપોરમાં સારવાર દરમિયાન 18 ડિસેમ્બરે તેમનું મૃત્યુ થયું. બાંગ્લાદેશમાં આવતા વર્ષે 12 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આ પહેલા રાજકીય ગરમાવો તેજ બન્યો છે.

ઉમરે જણાવ્યું કે હાદી ઈચ્છતા હતા કે ફેબ્રુઆરી સુધીમાં ચૂંટણી થઈ જાય. હાદીએ અધિકારીઓને ચૂંટણીના માહોલને ખરાબ ન કરવા વિનંતી પણ કરી હતી.



ઉમરે આગળ કહ્યું, "હત્યારાઓ પર જલદીથી જલદી મુકદ્દમો ચલાવવામાં આવવો જોઈએ, જેથી ચૂંટણીનો માહોલ પ્રભાવિત ન થાય. સરકારે અત્યાર સુધી અમને કોઈ નક્કર પ્રગતિ બતાવી નથી. જો ઉસ્માન હાદીને ન્યાય નહીં મળે, તો એક દિવસ તમારે પણ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડશે.

ઉમર હાદીનો દાવો છે કે તેમનો ભાઈ કોઈ એજન્સી કે વિદેશી આકાઓ સામે ઝૂક્યો નહીં, એટલે તેને મારી નાખવામાં આવ્યો.

આ રેલીમાં ઈન્કલાબ મંચના સચિવ અબ્દુલ્લાહ અલ જાબેરે પણ ભાષણ આપ્યું. તેમણે સોમવારે જાહેર કરાયેલા પ્રેસ નિવેદનમાં આપેલી 30 દિવસની ટાઈમલાઈનને પુનરાવર્તિત કરી.

ટાઈમલાઈન અંદર સરકારે હત્યારાઓની ઓળખ અને ધરપકડની માગ કરી છે. જાબેરે આરોપ લગાવ્યો કે બાંગ્લાદેશની સાર્વભૌમત્વને નષ્ટ કરવાનું ઊંડું ષડયંત્ર ચાલી રહ્યું છે.

જાબેરે સરકાર સમક્ષ બે મુખ્ય માંગણીઓ મૂકી છે, જેમાં પ્રથમ, હાદીની હત્યામાં સામેલ તમામ લોકોની ધરપકડ, અને બીજી અવામી લીગ સાથે સંકળાયેલા કથિત સિવિલ-મિલિટરી ઈન્ટેલિજન્સ એજન્ટોની ધરપકડ છે.

રેલીના અંતે ઉપસ્થિત લોકોએ 'શહીદી શપથ' લીધા, જેમાં ઉસ્માન હાદીના લોહીને વ્યર્થ ન જવા દેવા અને ન્યાય ન મળે ત્યાં સુધી રસ્તાઓ પર સંઘર્ષ ચાલુ રાખવાની કસમ ખાવામાં આવી.

જાબેરે સરકારને પૂછ્યું, 'તમે ઉસ્માન હાદીના હત્યારાઓને પકડવા માટે શું કર્યું?' તેમણે કહ્યું કે આ હત્યા એક વ્યક્તિનું કામ નથી, પરંતુ તેની પાછળ આખું એક સિન્ડિકેટ છે.

જાબેરે કોઈ રાજકીય પક્ષ પર સીધો શક વ્યક્ત કર્યો ન હતો, પરંતુ કહ્યું કે કોઈ પણ પક્ષ શંકાથી પર નથી.

તેમણે આગળ કહ્યું કે હાદી માત્ર અવામી લીગ માટે જ નહીં, પરંતુ અન્ય ઘણા રાજકીય પક્ષો માટે પણ સમસ્યા હતો. તેમણે ચેતવણી આપી કે હત્યારાઓનો બચાવ કરનારાઓ અને તેમનું જાહેર સમર્થન કરનારાઓને પણ ન્યાયના દાયરામાં લાવવામાં આવે.

ઉસ્માન હાદીને રાજધાની ઢાકામાં 12 ડિસેમ્બરે ગોળી મારવામાં આવી હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર હુમલાખોરે તેમને ગોળી મારી હતી.

હાદીને તરત જ ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, બાદમાં સારવાર માટે તેમને સિંગાપોર રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં 18 ડિસેમ્બરે તેમનું અવસાન થયું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર, હુમલાના થોડા કલાકો પહેલા ઉસ્માન હાડીએ ગ્રેટર બાંગ્લાદેશનો એક નકશો શેર કર્યો હતો, જેમાં ભારતીય વિસ્તારો (7 સિસ્ટર્સ) શામેલ હતા.

હાદી ઈસ્લામિક સંગઠન 'ઈન્કલાબ મંચ'ના પ્રવક્તા હતા અને ચૂંટણીમાં ઢાકાથી અપક્ષ ઉમેદવાર હતા. ઈન્કલાબ મંચ ઓગસ્ટ 2024ના વિદ્યાર્થી આંદોલન પછી એક સંગઠન તરીકે ઉભરી આવ્યું. તેણે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગની સરકારને પાડી દીધી હતી.

આ સંગઠન અવામી લીગને આતંકવાદી જાહેર કરીને સંપૂર્ણપણે ખતમ કરવા અને યુવાનોની સુરક્ષાની માંગને લઈને સક્રિય રહ્યું. આ સંગઠન રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સાર્વભૌમત્વના રક્ષણ પર ભાર મૂકે છે. મે 2025માં અવામી લીગને ભંગ કરવા અને ચૂંટણીઓમાં ગેરલાયક ઠેરવવામાં આ સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

# PAKની સરકારી એરલાઇન્સ જેણે ખરીદી તેનું જૂનાગઢ કનેક્શન : કરાચીના બિઝનેસમેન આરિફ હબીબે સ્ટોક-બ્રોકર તરીકે કરિયરની શરૂઆત કરી, 44 હજાર કરોડથી વધુ સંપત્તિ

**ઈસ્લામાબાદ, તા.24**

પાકિસ્તાનની સરકારી એરલાઈન કંપની પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA) ની હરાજી થઈ ગઈ છે. આરિફ હબીબ ગ્રુપે 4320 કરોડ રૂપિયામાં PIAને ખરીદી લીધી છે. PAK સરકારે એરલાઈનના વેચાણ માટે 3200 કરોડ રૂપિયાનું અનુમાન લગાવ્યું હતું, જોકે તેને 1320 કરોડ રૂપિયા વધારે મળ્યા છે.

આ પાકિસ્તાન માટે એક મહત્ત્વપૂર્ણ વિકાસ છે, કારણ કે તે લગભગ બે દાયકામાં દેશનું પ્રથમ મોટું ખાનગીકરણ છે. રસપ્રદ વાત એ છે કે આ એરલાઈન ખરીદનારી વ્યક્તિ આરિફ હબીબનું ગુજરાત સાથે કનેક્શન છે.

કોણ છે આરિફ હબીબ? આરિફ હબીબ એક સફળ પાકિસ્તાની ઉદ્યોગપતિ, ઉદ્યોગસાહસિક અને પરોપકારી છે. તેઓ આરિફ હબીબ ગ્રુપના સ્થાપક છે, જે નાણાકીય સેવાઓ, રિયલ એસ્ટેટ, સિમેન્ટ, ખાતર, ઊર્જા અને સ્ટીલ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણ કરે છે. તેઓ તેમના પરોપકારી કાર્ય માટે પણ જાણીતા છે, ખાસ કરીને આરિફ હબીબ ફાઉન્ડેશન દ્વારા, જે પાકિસ્તાનમાં આરોગ્યસંભાળ, શિક્ષણ અને સામાજિક કલ્યાણ પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમને વ્યાપાર અને સામાજિક ક્ષેત્રોમાં તેમના યોગદાન માટે અસંખ્ય પુરસ્કારો પ્રાપ્ત થયા છે, જેમાં પાકિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંના એક સિતારા-એ-ઈમ્તિયાઝનો સમાવેશ થાય છે. આરિફ હબીબે 1970માં કરાચી સ્ટોક એક્સચેન્જમાં સ્ટોક-બ્રોકર તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ઘણી વખત તેના ચૂંટાયેલા પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમની રોકાણ વ્યૂહરચનામાં ઐતિહાસિક રીતે ખાનગીકરણ દરમિયાન સરકારી માલિકીની કંપનીઓમાં હિસ્સો ખરીદવાનો સમાવેશ થાય છે, જે



તેમની સંપત્તિનો મુખ્ય સ્ત્રોત છે. તેમણે પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ કોર્પોરેશન લિમિટેડ સાથે પણ આવું કર્યું. મીડિયા અહેવાલો અનુસાર, તેમની વ્યક્તિગત સંપત્તિ લગભગ $500M ( ભારતીય રૂપિયા પ્રમાણે અંદાજે 44 હજાર કરોડ) છે.

આરિફ હબીબનો પરિવાર મૂળ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના બાંટવાનો વતની હતો. 1947માં ભારતના ભાગલા બાદ તેમનો પરિવાર ગુજરાતમાં તેમની મિલકત અને ચાનો વ્યવસાય છોડીને પાકિસ્તાનના કરાચી ગયો. આરિફ હબીબનો જન્મ પણ કરાચીમાં થયો હતો. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાને PIAમાં 75% હિસ્સેદારી વેચવાનો નિર્ણય કર્યો હતો. બોલી જમા કરવાનો છેલ્લો દિવસ હતો. આ બોલીઓ બંધ પરબીડિયામાં આપવામાં આવી હતી અને આ સમગ્ર કાર્યક્રમનું સરકારી ટીવી પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ડેડલાઈનના ઠીક 2 દિવસ પહેલાં સેના સાથે જોડાયેલી એક ખાતર કંપની ફૌજી ફર્ટિલાઈઝર પ્રાઈવેટ લિમિટેડ (FFPL)એ બોલી લગાવવામાંથી પોતાનું નામ પાછું ખેંચ્યું છે. ત્યાર બાદ માત્ર 3 દાવેદારો રેસમાં બાકી રહ્યા હતા.

ઈસ્લામાબાદમાં યોજાયેલા કાર્યક્રમમાં ત્રણેય ગ્રુપના પ્રતિનિધિઓ એક પછી એક આવ્યા અને પારદર્શક બોક્સમાં પોતાનાં પરબીડિયાં નાખ્યાં. પછીથી આ પરબીડિયાં ખોલવામાં આવ્યાં. ત્યાર બાદ વિજેતાનો નિર્ણય થયો.

વડાપ્રધાન શહેબાઝ શરીફે આ પ્રસંગે કહ્યું હતું કે સરકારે સમગ્ર પ્રક્રિયાને સાફ અને પારદર્શક બનાવી છે, જેથી કોઈને કોઈ શંકા ન રહે. આ સોદો પાકિસ્તાનના ઈતિહાસનો સૌથી મોટો ખાનગીકરણ સોદો હોઈ શકે છે. તેમણે આશા વ્યક્ત કરી કે એનાથી દેશને ફાયદો થશે અને PIAને નવું જીવન મળશે. IMF નીતિ: એરલાઈન્સ વેચવા પાછળનું સૌથી મોટું કારણ IMF નીતિ છે. પાકિસ્તાનને IMF પાસેથી 7 અબજ ડોલરની લોન જોઈએ છે. એના બદલામાં IMF ઈચ્છે છે કે પાકિસ્તાનમાં ખોટ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ થાય. આ જ શરત મુજબ, પાકિસ્તાન તેની 24 સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરી રહ્યું છે. PIA પણ આનો જ એક ભાગ છે. આર્થિક સંકટ: PIAને વેચવાનું બીજું કારણ એરલાઈન્સને પુનર્જીવિત કરવાનું પણ છે, કારણ કે આર્થિક સંકટને કારણે સરકાર PIAમાં રોકાણ કરી શકતી નથી.

# લિબિયાના આર્મી ચીફનું પ્લેન ક્રેશમાં મોત : અન્ય 7 લોકો પણ માર્યા ગયા, તુર્કીમાં ઉડાન ભર્યાના 30 મિનિટ પછી અકસ્માત...

**અંકારા, તા.24**

લિબિયાઈ સેનાના ચીફ ઓફ જનરલ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ અલ-હદ્દાદનું મંગળવારે રાત્રે તુર્કીમાં પ્લેન ક્રેશમાં મૃત્યુ થયું. પ્લેનમાં 8 લોકો સવાર હતા, બધાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

તુર્કીના ગૃહમંત્રી અલી યેરલિકાયાએ જણાવ્યું કે ફાલ્કન-50 વિમાનનો કાટમાળ અંકારા નજીક હાયમાના વિસ્તારમાં મળ્યો છે. લિબિયાઈ અધિકારીઓ અનુસાર, વિમાનમાં ટેકઓફના 30 મિનિટ પછી જ ટેકનિકલ ખામી આવી ગઈ હતી, જેના કારણે આ દુર્ઘટના થઈ.

આ લિબિયાઈ મિલિટરી ડેલિગેશન અંકારામાંતુર્કી સાથે સંરક્ષણ સહયોગ વધારવા અંગે ઉચ્ચ સ્તરીય વાતચીત માટે આવ્યું હતું અને પાછું લિબિયા પરત ફરી રહ્યું હતું.

દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાં લિબિયાના થલ સેના પ્રમુખ જનરલ અલ-ફિતૂરી ગ્રૈબિલ,



બ્રિગેડિયર જનરલ મહમૂદ અલ-કતાવી, ચીફ ઓફ સ્ટાફના સલાહકાર મોહમ્મદ અલ-અસાવી દિયાબ, સૈન્ય ફોટોગ્રાફર મોહમ્મદ ઓમર અહમદ મહજૂબ અને 3 ક્રૂ મેમ્બર શામેલ છે.

લિબિયાના વડાપ્રધાન અબ્દુલ-હામિદ દબૈબાએ ફેસબુક પર નિવેદન જારી કરીને જનરલ અલ-હદ્દાદ અને અન્ય અધિકારીઓના મૃત્યુની પુષ્ટિ કરી અને તેને દેશ માટે ખૂબ મોટું નુકસાન ગણાવ્યું.

તુર્કીના ગૃહમંત્રી અલી યરલીકાયાના જણાવ્યા અનુસાર, વિમાન સ્થાનિક સમય મુજબ રાત્રે લગભગ 8 વાગ્યે અંકારાના એસનબોગા એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી અને થોડા સમય પછી સંપર્ક તૂટી ગયો હતો.

પ્લેને હાયમાના વિસ્તાર નજીક ઈમરજન્સી લેન્ડિંગનો સંકેત મોકલ્યો હતો, પરંતુ તે પછી કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો.

સ્થાનિક ટીવી ચેનલો પર જાહેર કરાયેલા સીસીટીવી ફૂટેજમાં રાત્રિના આકાશમાં તેજ પ્રકાશ અને વિસ્ફોટ જેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. વિમાનનો કાટમાળ અંકારાથી લગભગ 70 કિલોમીટર દક્ષિણમાં હાયમાના જિલ્લાના એક ગામ નજીક મળ્યો હતો.

અકસ્માત બાદ અંકારા એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું અને ઘણી ફ્લાઈટ્સને અન્ય એરપોર્ટ પર મોકલવામાં આવી. તુર્કીના ન્યાય મંત્રાલયે અકસ્માતની તપાસ માટે ચાર અધિકારીઓની નિમણૂક કરી છે. તે જ સમયે, લિબિયા સરકારે પણ તપાસમાં સહયોગ માટે પોતાની ટીમને અંકારા મોકલવાનો નિર્ણય કર્યો છે.

## તંત્રી લેખ

# બાંગ્લાદેશમાં હિંદુ યુવકની હત્યા, પરિવારે કહ્યું- સરકારે મરવા માટે છોડી દીધા

બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી અંદાજે 80 કિલોમીટર દૂર, ખેતરોની વચ્ચે બે કાચાં ઘર બનેલાં છે. આમાંનું જ એક 25 વર્ષના દીપુ ચંદ્ર દાસનું છે. 18 ડિસેમ્બરની રાત્રે દીપુને ભીડે ઈશનિંદાના આરોપમાં મારી-મારીને પતાવી નાખ્યો. ત્યાર બાદ તેના મૃતદેહને સળગાવી દેવામાં આવ્યો. દીપુના પરિવારને ન સુરક્ષા મળી, ન ગામમાંથી કોઈ દિલાસો, ઊલટું તેના એક સંબંધીને બજારમાં ભીડે માર માર્યો. હવે પરિવારને ધમકી મળી રહી છે કે ઘર છોડીને ચાલ્યા જાઓ. ડરના કારણે દીપુના પરિવારે ઘરની દીવાલ પર એક પોસ્ટર ચોંટાડી દીધું છે. તેના પર લખ્યું છે- 'ઈશનિંદાના આરોપો જૂઠા છે.' સહયોગી અમાનુર રહેમાને દીપુનાં માતા-પિતા સાથે વાત કરી. દીપુ અઢી વર્ષથી કપડાંની ફેક્ટરીમાં કામ કરતો હતો. સવારે 5 વાગ્યે મેં તેને કહ્યું કે ઘરમાં ખાવા માટે કંઈ નથી. દીપુ બોલ્યો કે સાંજે પાછા આવતી વખતે ચોખા લઈને આવીશ. ત્યાર બાદ તે કામ પર જતો રહ્યો. સાંજે અમે ફેસબુક પર એક વીડિયો જોયો. લોકો દીપુને મારી રહ્યા હતા. તેને ઝાડ પર લટકાવી દીધો. થોડીવાર પછી દીપુના એક મિત્રનો ફોન આવ્યો. તેણે જણાવ્યું કે ફેક્ટરીની અંદર શું થયું છે. નહીં, દીપુ ખૂબ જ સમજુ છોકરો હતો. તે કોઈની સાથે વધારે વાત કરતો નહોતો. આ પ્રકારના ઝગડાથી દૂર રહેતો હતો. જો એવી કોઈ વાત હોત તો મને અથવા પોતાના પપ્પાને કે પત્નીને તો જણાવત. તેણે ક્યારેય કંઈ કહ્યું નથી. ના. દીપુને જે દિવસે મારી નાખ્યો એ જ દિવસે મારા ભત્રીજાને ભીડે બજારમાં માર્યો. દીકરો તો જતો જ રહ્યો, હવે અમે ડરમાં જીવી રહ્યા છીએ. સરકારે અમને મરવા માટે છોડી દીધા છે. મને દીપુના મિત્ર પાસેથી જાણવા મળ્યું. તેણે ફેસબુક પર દીપુનો વીડિયો જોયો હતો. તેણે જણાવ્યું કે દીપુની હાલત સારી નથી. પોલીસ સ્ટેશન ચાલ્યા જાઓ અને સાથે કોઈ નેતાને લઈ જજો. દીપુની ફેક્ટરી ભાલુકામાં છે. અમે પોલીસ સ્ટેશન પહોંચ્યા, તો પોલીસ અધિકારીએ કહ્યું કે આ ભાલુકા પોલીસ સ્ટેશનનો મામલો નથી. એ બીજી જગ્યાએ છે, જલદી જાઓ. અમે બીજા પોલીસ સ્ટેશને પહોંચીએ એ પહેલાં જ દીપુના મિત્રનો ફોન આવી ગયો કે દીપુ હવે નથી રહ્યો. દીપુના ભાઈ કાર્તિક દાસ કહે છે કે જો મારા ભાઈએ કંઈ ખોટું કર્યું હોત તો તેનો કોઈ વીડિયો ચોક્કસ હોત. કોઈ વીડિયો નથી. આજકાલ તો દરેક જગ્યાએ સ્માર્ટફોન છે, બાળકો પાસે પણ મોબાઈલ હોય છે, એવામાં કોઈ પ્રકારનો પુરાવો ન હોવો એ શંકા પેદા કરે છે. મારા ભાઈ પર લગાવવામાં આવેલા આરોપો પાયાવિહોણા છે. તેને જાણીજોઈને મારવામાં આવ્યો છે. આવું બાંગ્લાદેશના ઘણા ભાગોમાં સતત થઈ રહ્યું છે. દરરોજ હિંદુઓની હત્યા થઈ રહી છે. દીપુ મેમનસિંહ જિલ્લાના ભાલુકામાં ટેક્સટાઈલ કંપની 'પાયોનિયર નિટવેયર્સ'માં કામ કરતો હતો. સૂત્રો જણાવે છે કે ફેક્ટરીમાં અફવા ફેલાઈ હતી કે દીપુએ ઈશનિંદા કરી છે. ફેક્ટરીની બહાર પણ આ સમાચાર પહોંચી ગયા. રાત્રે લગભગ 9 વાગ્યા સુધીમાં ફેક્ટરીની બહાર ભીડ એકઠી થઈ ગઈ હતી. કેટલાક વીડિયો સામે આવ્યા છે, જેમાં દીપુ પોલીસ કસ્ટડીમાં દેખાઈ રહ્યો છે.

# તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર : અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ત્રણ ટ્રેનો માટે ઓટીપી પ્રમાણિકરણ 24 ડિસેમ્બર થી લાગુ




**અમદાવાદ, તા. 24**

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી તે મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે, જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપી નું સફળ સત્યાપન થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. આ OTP-આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી 24 ડિસેમ્બર, 2025 થી નીચેની 3 ટ્રેનોમાં લાગુ કરવામાં આવશે:

1. ટ્રેન નં. 14702 બાંદ્રા ટર્મિનસ-શ્રીગંગાનગર અરવલી એક્સપ્રેસ
2. ટ્રેન નં. 19483 અમદાવાદ-સહરસા એક્સપ્રેસ
3. ટ્રેન નં. 22956 ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ

અમદાવાદ ડિવિઝન પર OTP-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ નીચેની ટ્રેનોમાં પહેલાથી લાગુ છે.

1. ટ્રેન નં. 19223 સાબરમતી-જમ્મુ તાવી એક્સપ્રેસ
2. ટ્રેન નં. 19316/19315 અસારવા-ઈન્દોર વીરભૂમિ એક્સપ્રેસ
3. ટ્રેન નં. 19489 અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ
4. ટ્રેન સંખ્યા 12957 સાબરમતી - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ
5. ટ્રેન સંખ્યા 12297 અમદાવાદ-પુણે દૂરંતો એક્સપ્રેસ
6. ટ્રેન સંખ્યા 12462 સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ
7. ટ્રેન સંખ્યા 12268/12267 હાપા-મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસ
8. ટ્રેન સંખ્યા 12009/12010 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી

નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઈલ એપ્લિકેશન મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ બુકિંગ સમયે માન્ય મોબાઈલ નંબર અવશ્ય ઉપલબ્ધ કરાવે, જેથી ઓટીપી સત્યાપન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે. પશ્ચિમ રેલ્વે દ્વારા તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ બદલાવ અંગે ધ્યાન આપવા વિનંતી કરવામાં આવે છે.

# પ્રેમના અનુબંધને વધુ ને વધુ મજબૂત બનાવવો એ જ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે!



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. 25 ડીસેમ્બર એટલે કે નાતાલનો તહેવાર છે! આમ તો પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ તહેવારની ઉજવણી થવી જોઈએ, પરંતુ આપણે આજે આધુનિકતાને નામે કઈ કેટલુ એ એમનું અપનાવ્યું છે! અને એ રીતે ભારતભરમાં નાતાલ અને ન્યુ યર પાર્ટી યોજાશે! સોશિયલ મીડિયા પર એને લઈને ઢગલો એક મેસેજ આવે છે, અને એમાં પણ આ સંસ્કૃતિ આપણી નથી માટે આમ કરતાં નહીં! તેમ કરતા નહીં ! તમારા બાળકોને સાચાં સંસ્કાર આપજો, ફોજીના કપડા પહેરાવજો, વગેરે વગેરે મેસેજના ઢગલા થાય છે. પરંતુ લોકોની માનસિકતાને આજે એ રીતે કળવી મુશ્કેલ છે! આજકાલ લોકોને પ્રભાવિત કરવા વક્તાઓ ગમે તે બોલતા હોય છે, અને ક્યારેક ક્યારેક તો ભાષાનું મહત્વ પણ જળવાતું નથી. સમાજમાં મોટેભાગે ડબલ સ્ટાન્ડર્ડ ધરાવતા લોકોનો સમૂહ વધતો જાય છે, અને એવાં કહેવાતા સેલીબ્રીટીના ફોલોવર્સ પણ કંઈ જાણ્યા કારવ્યા વગર વધતાં જાય છે! એની કહેલી ખોટી વાતને અનુસરતા જાય છે, ખેર છોડો! આજે આપણે ચરિત્રની ઓળખમા ભગવાન ઈસુના જન્મનો દિવસ એટલે કે શું કામ નાતાલનો તહેવાર ઉજવવામાં આવે છે? એને વિષે વાત કરીશું! અને એમાં પણ પ્રેમ દેવતા તરીકે સંસ્કૃતિ જેને સ્વીકારે છે, એવા ભગવાન ઈસુની વાત છે, કે જે દયા કરુણા પ્રેમ અને ક્ષમા જેવા વિરલ વ્યક્તિત્વના દાતા હતાં. તો આ 2 સદીના યુગ પુરુષને વંદન કરવા જોઈએ. પૂજ્ય બાપુ કહે છે તેમ સત્ય અને શુભ જ્યાંથી મળે, ત્યાંથી સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.

કહેવાય છે કે ઈસુનોજન્મઈ. સ્. પુર્વે ૨ સદીમાં ઈઝરાયેલનાં નાઝરેથ પ્રાંતના બેથલેહેમ ગામમાં થયો હતો. તેમની માતાનુ નામ મરીયમ હતું, અને તેમનુ લગ્ન યુસુફ સાથે થયુ હતું. આમ તો ઈસાઈ ધર્મના લોકો એ પણ તેને સીધી રીતે સ્વીકાર્યા નહોતાં, અને આ મહાપુરુષના જન્મથી મરણ સુધીની યાત્રા પણ તકલીફ ભરેલી રહી છે. ભગવાન ઈસુને પણ જે તે સમયના લોકોએ સ્તંભ પર લટકાડી અને હાથે ખીલા માર્યા હતા.ઈસાઈ ધર્મમાં પણ સંપ્રદાય જોવા મળે છે, જેમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ એ બે મુખ્ય સંપ્રદાય છે, જેમનાં ગીરજા ઘર એટલે કે ચર્ચ પણ જુદા હોય છે. ઈસાઈ ધર્મનો બાઈબલ મુખ્ય ગ્રંથ છે, ધર્મના વડા ને પાદરી કહેવામાં આવે છે, અને ભગવાન ઈસુને ક્રોસ જેવા સ્તંભ પર લટકાડવામાં આવ્યા હોવાથી, ઈસાઈ ધર્મના ચિન્હ તરીકે ક્રોસને પણ અપનાવવામાં આવ્યું છે, પરંતુ બાઈબલમાં ક્યાંય પણ ઈસુના જન્મ ક્યારે એ વિશેની વાત કે તેનો ઉલ્લેખ છે નહીં! એટલે આ એક વિચારવા જેવી વાત છે કે આજના આધુનિક કહેવાતાં લોકો જેને અનુસરી રહ્યા છે, એના અસ્તિત્વ વિશે પણ સવાલ છે! જ્યારે આપણે તો રામ અને કૃષ્ણના વંશજ કે જેના જીવન ચરિત્ર પર આખે આખાં ગ્રથ




છે! ઈસાઈ ધર્મમાં જે તે વ્યક્તિ ગિરજા ઘરમાં જઈને પોતાના કર્મનું કન્ફેશન એટલે કે આત્મનિવેદન પાદરી પાસે કરે છે, અને આ પાદરી પોતે ધર્મના વડા તરીકે પડદાની અંદર રહી આ વાત સાંભળે છે, પણ એ વાતને કોઈ ને જણાવતો નથી. આપણા ધર્મમાં પણ ભક્તિમાં આત્મનિવેદન ને છેલ્લી ભક્તિ કહેવામાં આવી છે. શરણાગતિ સ્વીકાર્યા બાદ સાધક પોતે સદગુરુ અથવા ઈશ્વરને પોતાના જીવનના તમામ ભેદ કહી દેતો હોય છે. ભગવાન ઈસુને પણ પ્રેમના મસીહા કહ્યા છે. કહેવાય છે કે તેનાં જન્મની પૂર્વસંધ્યાએ કેટલાક સંતો મધર મેરી પાસે જાય છે, અને તેને જણાવે છે કે પ્રેમના દેવતાનો જન્મ થવાનો છે, એના જન્મ સમયે આકાશમાંથી મધુર ગીત-સંગીત પણ પ્રસ્તુત થયું હતું જેને ભવિષ્યવાણી થઈ એવું પણ કહેવામાં આવે છે, અને એટલે જ ઈસાઈ ધર્મમાં ૨૪ ડિસેમ્બર ક્રિસમસ ઈવ તરીકે કેરલ ગાનનો પ્રોગ્રામ રાખવામાં આવે છે. સેન્ટાકલોઝ સૌની ઈચ્છા પૂરી કરે છે, એવું દર્શાવવા એ ભેટ દેતા હોય એવું દર્શાવવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં પણ ફરિશ્તા એટલે કે દેવ પુરુષનું ખૂબ જ મહત્વ રહેલું છે, અને મોટેભાગે માતા પોતાના બાળકને સુવડાવતી વખતે જે હાલરડુ કે લોરી ગાય છે, તેમાં આનો ઉલ્લેખ થતો જોવા મળે છે.

આમ તો પૃથ્વી પર પ્રચલિત બધા જ ધર્મોનાં પાયામાં મુખ્યત્વે સત્ય પ્રેમ અને કરુણા એટલે કે માનવતા જ રહેલા છે, અને કોઈ પણ ધર્મ માનવને અંદર અંદર લડાઈ ઝઘડા કે વેર રાખવાનું શીખવતા નથી. હિન્દુસ્તાનમાં મૂળ હિંદુ ધર્મ જ હતો, અને જૈન, શિખ, બૌદ્ધ ધર્મ ક્યાંક થોડેઘણે અંશે હતાં, મુસ્લિમ પ્રજા હોવાથી ઈસ્લામ ધર્મ પણ હતો. ભારતમાં અંગ્રેજ શાસન પછી ઈસાઈ ધર્મનો વ્યાપ વધતો જોવા મળ્યો એવું બિલકુલ નથી, પણ આપણાં યુવાનો હવે વિલાયત વસવાટ કરવા લાગ્યાં એટલે, તેમજ ભારતીય પ્રજાની ગરીબી જોઈને અમુક સમય પહેલા ધર્માંતરની પ્રવૃતિ એ બહુ વેગ પકડ્યો હતો, અને એ રીતે પછાત વર્ગનાં ઘણાં લોકો એ ઈસાઈ ધર્મ અંગીકાર કર્યો છે. હવે તો ઈંગ્લીશ કેલેન્ડર અપનાવ્યું હોવાથી, એ રીતે પણ લોકો નવું વર્ષ ઉજવતા થયાં છે.

ફરિશ્તા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો દેવ પુરુષ એવો થાય, કે જે આવી અને આપણી સમસ્યા દૂર કરી જાય! આપણા સૌના જીવનમાં આ ઘટના ઘટી હોય છે, કે જ્યારે આપણે અત્યંત મુશ્કેલીમાં હોઈએ, ત્યારે કોઈ આપણી સમસ્યા દૂર કરી જતું હોય છે, અને આપણા મોઢામાંથી શબ્દ નીકળે છે, કે ફરિશ્તા બનીને તે આવ્યાં, અને અમારું કામ કરી ગયા. એટલે જે તેની મૂળ પરિકલ્પના છે કે, આકાશમાંથી કોઈ ઉતરીને આવે અને આપણું દુઃખ દર્દ દૂર કરે એવું થતું નથી, પણ આપણામાંથી જ કોઈ ફરિશ્તા બની શકે છે.પણ મુખ્ય વાત જે અભાવમાં જીવનારા હોય છે, તેમના બાળકોને તેની માતા લોરી સ્વરૂપે બાળકની આંખમાં એક વાત મુકે છે કે, તારા દુઃખદર્દ પણ ફરિશ્તો આવીને દૂર કરશે, અને આપણી જીંદગીમાં પણ સુખ ચેનના દિવસો આવશે. પરંતુ મારી રીતે તો બાળક માટે ફરિશ્તા બનીને માતા-પિતા જ આવતા હોય છે. જીવનમાં અભાવનો પણ એક આનંદ હોય છે, એ વાક્ય પુજ્ય બાપુ પોતાના અભાવના દિવસો યાદ કરી કથામાં બાપું કહેતા હોય છે, અને એ વાત ખરેખર સાચી લાગે છે. કારણ કે વસ્તુ આનંદ આપતી નથી, વ્યક્તિ જ આનંદ આપી શકે છે. જોકે હવે તો સીંગલ ચાઈલ્ડ મેન્ટાલીટી! જેને કારણે સવર્ણની સંખ્યા ઘટતી જ જાય છે.

આમ પણ બાળકને પ્રેમ નામની સંજીવનીનો પ્રથમ પરિચય તેના માતા-પિતા દ્વારા જ થતો હોય છે. ધર્મ ગમે તે હોય અને માતા-પિતા પણ ગમે તે ધર્મને માનતા હોય, પણ પોતાના સંતાનથી વધુ તેની માટે કોઈ જ વસ્તુ હોતી નથી, એ સત્ય આપણે સૌ જાણીએ છીએ. તો પ્રેમના એ મસીહા એ પોતાનું આખું જીવન પોતાના બાળક માટે વિતાવ્યું હોય, તેને કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ પોતાની હૂંફ, લાગણી, અને જે તે વસ્તુ પદાર્થથી તેને તેની સમસ્યા હલ કરી હોય છે. તો માતા પિતાથી મોટો કયો ફરિશ્તો હોઈ શકે? અને આપણી સંસ્કૃતિમાં પરમ કૃપાળુ પરમાત્માનો મુખ્ય સ્વભાવ પ્રેમ છે, તો અરસપરસ પ્રેમના અનુબંધને વધુ મજબૂત બનાવવો એ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે. હવે કોઈ ઈસુને વધસ્તંભ એ ચડવું પડે નહીં એવું કરીએ, સમાજના જે તે વ્યક્તિ સારું કાર્ય કરતા હોય તેને દિલથી પ્રશંસા કરીએ, તેની નિંદા કરવાનું બંધ કરીએ, અને તેને માન-સન્માન આપીએ, તેના કર્મને પણ પ્રેરણા બનાવી સૌ પોતાના જીવનમાં ઉતારી, જેટલું થાય તેટલું માનવતાના ધર્મનો નિભાવવા કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# જે નિરાશાને કદી જોતા નથી તે આશા કદી ખોતા નથી, અને જે પ્રયત્નો પર જીવી જાણે છે. તે કદી કિસ્મત પર રોતા નથી



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનમાં નિશ્ચિત ધ્યેય નક્કી કરી આગળ વધશો તો ચોક્કસ સફળતા પ્રાપ્ત થાય જ છે આજે આપણે જોઈએ તો 'એકવાર, સ્વામી વિવેકાનંદ ટ્રેન માં ક્યાંક મુસાફરી કરી રહ્યા હતા.તેમના જેવા જ ડબ્બામાં કેટલાક અંગ્રેજ મુસાફરો હતા.આ અંગ્રેજો સાધુઓથી ખૂબ જ ચિડાઈ ગયા હતા.તેઓ તેમના વિશે બકવાસ કરી રહ્યા હતા. સાથે આવેલા સાધુ પણ મુસાફર ને અપશબ્દો કહી રહ્યા હતા. તેઓ માનતા હતા કે સાધુઓ અંગ્રેજી જાણતા ન હોવાથી, તેઓ સમજી શકશે નહીં કે અંગ્રેજી શું કહી રહ્યા છે.તેથી, તેમની વાતચીતમાં,અંગ્રેજો વારંવાર સાધુઓને અપશબ્દો કહેતા હતા. જોકે, તે દિવસોની વાસ્તવિકતા એ હતી કે ત્યાં બહુ ઓછા અંગ્રેજી બોલતા સાધુઓ હતા. રસ્તામાં, તેઓ એક મુખ્ય સ્ટેશન પર આવ્યા.હજારો લોકો, જેમાં વિદ્વાનો અને અધિકારીઓ પણ સામેલ હતા, વિવેકાનંદનું સ્વાગત કરવા માટે હાજર હતા. હાજર લોકોને સંબોધ્યા પછી, સ્વામીજીએ અંગ્રેજીમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.તેમને આટલું અસ્ખલિત અંગ્રેજી બોલતા જોઈને,ટ્રેનમાં તેમની ટીકા કરતા અંગ્રેજ મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા. જ્યારે તેમને તક મળી,ત્યારે તેઓ વિવેકાનંદ પાસે ગયા અને નમ્રતાથી પૂછ્યું, 'અમે શું કહ્યું તે તમે સાંભળ્યું? શું તમને ખરાબ લાગ્યું?'સ્વામીજીએ સ્વાભાવિક નમ્રતાથી કહ્યું- 'મારું મન મારા પોતાના કામમાં એટલું બધું ડૂબેલું હતું કે મેં તમારી વાતો સાંભળી પણ ધ્યાન ન આપ્યું.તેને આપવાનો કે તેના વિશે ખરાબ અનુભવવાનો કોઈ મોકો નહોતો.' સ્વામીજીનો આ જવાબસાંભળી ને,અંગ્રેજે શરમથી માથું નમાવ્યું અને તેમના ચરણોમાં નમન કર્યું અને તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું. વાચક ચાહક મિત્રો આપણે હંમેશા આપણા ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.બીજી એક વાત જોઈએ તો બીજાઓ પ્રતિકૂળ વર્તન કરે ત્યારે પણ તમારું વર્તન ગૌરવ પૂર્ણ રહેવું જોઈએ,આને જ સજ્જનતા કહેવાય છે. સામાન્ય વ્યક્તિપણ આદર અને આતિથ્ય પ્રાપ્ત કરીને ખુશ થઈ શકે છે.પ્રશંસા મળતાં કોઈપણ વ્યક્તિ હસીને સામેની વ્યક્તિનો આભાર માની શકે છે, પરંતુ કોઈ અસભ્ય વર્તન કરે ત્યારે પણ શાંત વર્તન જાળવવુંએ સજ્જન ની નિશાની છે.જે બીજાઓ દ્વારા પરેશાન થાય ત્યારે પણ નમ્રતાથી બધું સહન કરે છે અને તેમના કલ્યાણ માટે લાગણી ધરાવે છે,તે જ સજ્જનતા છે.સજ્જનનો અર્થ આદરણીય વ્યક્તિ નથી,પરંતુ એવું વ્યક્તિત્વ છે જે આદરની ઈચ્છાથી મુક્ત હોય.જે હંમેશા નમ્રતા અને પ્રેમના આભૂષણોથી શણગા રેલો રહેછે,તે સજ્જન છે જે દરેક પરિસ્થિતિમાં ખુશ રહેછે અને બીજાઓને પણ ખુશ રાખવાની ભાવના રાખે છે,તે સજ્જન છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે જોઈએ તો ભગવાન ધીમે ધીમે પ્રયાણ કરે છે. પછી પ્રયાગરાજ પધાર્યા છે. ત્યાં ભરદ્વાજ મુનિનો આશ્રમ છે. દ્વાજને કાનમાં ભરી રાખે તે ભરદ્વાજ. દ્વાજ એટલે ગુરુશિષ્યનો બોધ. તમે ભરદ્વાજ થશો તો તમારે ત્યાં પરમાત્મા આવશે.રામ, સીતા, લક્ષ્મણ ભરદ્વાજ મુનિના આશ્રમમાં આવ્યા.બીજા ઋષિઓને ખબર પડતાં તે પણ આવ્યા છે. ભરદ્વાજ મુનિ કહે છે કે, આજ



સુધી જે સાધન કર્યું તેનું ફળ મને મળી ગયું. સર્વ સાધનનું ફળ ભગવાનનાં દર્શન. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યા વગર જીવન સફળ થતું નથી. એક રાત્રિ પ્રભુએ ત્યાં મુકામ કર્યો. બીજે દિવસે પ્રભુ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આવ્યા.

વાલ્મીકિએ રામકથા સમાધિ ભાષામાં લખી છે. રામજીનું પ્રાગટ્ય થતાં પહેલાં વાલ્મીકિએ રામાયણ લખ્યું છે. વાલ્મીકિઆદિ કવિ છે. વાલ્મીકિના મુખમાંથી પહેલો શ્લોક નીકળ્યો. તે પહેલાં જગતમાં શ્લોક ન હતો.આ આદિ શ્લોક છે.એક પારધીએ ક્રૌંચને બાણ માર્યું. વાલ્મીકિ આ દશ્ય જોઈ બહુ વ્યાકુળ થયા અને પારધીને ઠપકો આપ્યો.એ ઠપકાનો શ્લોક તે વિશ્વનો પહેલો શ્લોક છે,આદિ કવિતાનુંએ મંગલ પ્રભાત છે.

વાલ્મીકિના આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકીજી પધાર્યાં. રામચંદ્રજીએ વાલ્મીકિની સ્તુતિ કરી ત્યારે વાલ્મીકિ કહે, આ તો સત્સંગનું ફળ છે. પહેલાં વાલિયો ભીલ હતો અને લૂંટફાટનો ધંધો કરતો, પણ નારદજીના સત્સંગથી મારું જીવન સુધરી ગયું. નારદજીએ મને પૂછ્યું કે,તું કોના માટે પાપ કરે છે?મેં જવાબ આપ્યો કે, મારા કુટુંબ માટે! ત્યારે નારદજીએ મને કહ્યું કે, તારા આ પાપમાં તારા કુટુંબના સભ્યો ભાગીદાર થશે?મેં જવાબ આપ્યો કે,કેમ નહીં? નારદજીએ કહ્યું,જા પૂછીને ખાતરી તો કર! હું ઘરે ગયો. મેં મારી પત્ની અને પુત્રોને પૂછ્યું કે, હું જે પાપ કરું છું તેમાં તમે ભાગીદાર ખરાં કે નહીં? તો બધાંએ જવાબ આપ્યો કે,પાપ કરે તે ભોગવે. અમારે શું? આ સાંભળી મારોમોહ નષ્ટ થયો! પછી મને નારદજીએ રામ નામનો મંત્ર આપ્યો. મારા જેવા પાપીના મુખમાંથી રામરામનેબદલે મરા મરા શબ્દ નીકળવા લાગ્યો. છતાં પ્રભુએ મારા ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર થયો.જેના ઉપર કૃપા કરી આપ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી દો છો તે જ આપનેજાણી શકે છેઅને આપને જાણ્યા પછી તે આપનું સ્વરૂપ બની જાય છે.

તુલસીદાસજીએ રામાયણમાંપૂર્ણ અદ્વૈતનું વર્ણન કર્યું છે.ભક્ત અને ભગવાનમાં અંતે કંઈ ભેદ રહેતો નથી. પ્રભુએ વાલ્મીકિઋષિને પૂછ્યું કે,અમારે વનમાં ક્યાં નિવાસ કરવો?કોઈ સ્થાન બતાવો!ત્યારે વાલ્મીકિ કહે છે, જેના કાન સમુદ્ર સમાન છે, એવા સમુદ્ર સમાન કે જેમાં તમારી કથા રૂપી સેંકડો નદીઓ સખત ઠલવાતી રહે છે છતાં જે કદી છલકાતો નથી એવા ભક્તના હૃદયમાં તમારો વાસ છે. જેના હૃદયમાં કામ, ક્રોધ, મદ, મોહ, અભિમાન,લોભ,રાગદ્વેષ,દંભ કે કપટ વગેરે નથીતે હૃદયમાં તમારો વાસ છે.જે સૌને હિતકારી છે. સૌનું પ્રિય કરનારો છે.સુખદુ:ખ, નિંદા સ્તુતિ જેને સરખાં છે,જે સત્ય અને પ્રિય વચન બોલનારો છે અને જાગતાં- ઊંઘતાં તમારું શરણ શોધે છે, તમારા સિવાય જેની બીજી ગતિ નથી તેના હૃદયમાં તમારો વાસ છે.મિત્રો આપણે પણ દરરોજ સાંજ પડે પરિવાર સાથે બેસીએ નિરાંતની પળો માણીએ. આજે આપણે અહીં અટકી અસ્તુ. વાલ્મીકિએ રામકથા સમાધિ ભાષામાં લખી છે.રામજીનું પ્રાગટ્ય થતાં પહેલાં વાલ્મીકિએ રામાયણ લખ્યું છે.વાલ્મીકિઆદિ કવિ છે.વાલ્મીકિના મુખમાંથી પહેલો

શ્લોક નીકળ્યો. તે પહેલાં જગતમાં શ્લોક ન હતો.આ આદિ શ્લોક છે.એક પારધીએ ક્રૌંચને બાણ માર્યું. વાલ્મીકિ આ દશ્ય જોઈ બહુ વ્યાકુળ થયા અને પારધીને ઠપકો આપ્યો.એ ઠપકાનો શ્લોક તે વિશ્વનો પહેલો શ્લોક છે,આદિ કવિતાનુંએ મંગલ પ્રભાત છે. વાલ્મીકિના આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકીજી પધાર્યાં. રામચંદ્રજીએ વાલ્મીકિની સ્તુતિ કરી ત્યારે વાલ્મીકિ કહે, આ તો સત્સંગનું ફળ છે. પહેલાં વાલિયો ભીલ હતો અને લૂંટફાટનો ધંધો કરતો, પણ નારદજીના સત્સંગથી મારું જીવન સુધરી ગયું. નારદજીએ મને પૂછ્યું કે,તું કોના માટે પાપ કરે છે?મેં જવાબ આપ્યો કે, મારા કુટુંબ માટે! ત્યારે નારદજીએ મને કહ્યું કે, તારા આ પાપમાં તારા કુટુંબના સભ્યો ભાગીદાર થશે?મેં જવાબ આપ્યો કે,કેમ નહીં? નારદજીએ કહ્યું,જા પૂછીને ખાતરી તો કર! હું ઘરે ગયો. મેં મારી પત્ની અને પુત્રોને પૂછ્યું કે, હું જે પાપ કરું છું તેમાં તમે ભાગીદાર ખરાં કે નહીં? તો બધાંએ જવાબ આપ્યો કે,પાપ કરે તે ભોગવે. અમારે શું? આ સાંભળી મારોમોહ નષ્ટ થયો! પછી મને નારદજીએ રામ નામનો મંત્ર આપ્યો. મારા જેવા પાપીના મુખમાંથી રામરામનેબદલે મરા મરા શબ્દ નીકળવા લાગ્યો. છતાં પ્રભુએ મારા ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર થયો.જેના ઉપર કૃપા કરી આપ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી દો છો તે જ આપનેજાણી શકે છેઅને આપને જાણ્યા પછી તે આપનું સ્વરૂપ બની જાય છે. તુલસીદાસજીએ રામાયણમાંપૂર્ણ અદ્વૈતનું વર્ણન કર્યું છે.ભક્ત અને ભગવાનમાં અંતે કંઈ ભેદ રહેતો નથી.પ્રભુએ વાલ્મીકિઋષિને પૂછ્યું કે,અમારે વનમાં ક્યાં નિવાસ કરવો?કોઈ સ્થાન બતાવો!ત્યારે વાલ્મીકિ કહે છે, જેના કાન સમુદ્ર સમાન છે.

# નળસરોવર પક્ષી અભયારણ્યમાં જૈવ વિવિધતાના સંરક્ષણ માટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અભિયાનનો પ્રારંભ

## નવા શાહપુર ગામેથી શરૂ થયેલ વિશેષ કાર્યક્રમમાં વહીવટી તંત્ર અને સંસ્થાઓ દ્વારા મોટા વેસ્ટ કલેક્શન બિન મૂકી સમગ્ર વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત કરવાનું આયોજન

**અમદાવાદ, તા. 24**

ગુજરાત વન વિભાગ હસ્તકના વિશ્વપ્રસિદ્ધ નળસરોવર પક્ષી અભયારણ્યની જૈવ વિવિધતા જળવાઈ રહે તે હેતુથી પ્લાસ્ટિક મુક્ત અભિયાનની એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. નળસરોવર પક્ષી અભયારણ્ય (વન્યજીવ વિભાગ-સાણંદ), ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ પ્રા. લી.ના સંયુક્ત ઉપક્રમે વિરમગામ તાલુકાના નવા શાહપુર ગામેથી આ વિશેષ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપી, સ્વાસ્થ્યમાં સુધારો કરવો અને પ્લાસ્ટિક કલેક્શન, પ્રોસેસિંગ તેમજ રિસાયકલિંગ દ્વારા સુવ્યવસ્થિત વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઊભી કરવાનો છે.આ પ્રકલ્પ અંતર્ગત નવા શાહપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અંદાજે 150 જેટલા સ્થાનિક રહીશોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તકે સ્થાનિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને પ્લાસ્ટિક કલેક્શન માટે ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર અને સંસ્થાઓ દ્વારા સ્થાનિક જાહેર સ્થળો પર મોટા વેસ્ટ કલેક્શન બીન મૂકીને સમગ્ર વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત કરવાનું આયોજન હાથ ધરાયું છે. અહીં એકત્રિત કરવામાં આવેલો પ્લાસ્ટિક કચરો વન વિભાગ દ્વારા નવનિર્મિત પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસિંગ યુનિટમાં મોકલવામાં આવશે, જ્યાં તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી રિસાયકલ કરવામાં આવશે.આ ભગીરથ કાર્યક્રમ આગામી સમયમાં નળસરોવર પક્ષી અભયારણ્યની આજુબાજુના ઈકો સેન્સિટિવ ઝોનમાં આવતા 19 ગામો અને 36 સેટેલાઈટ વેટલેન્ડ્સ સુધી વિસ્તૃત કરવામાં આવશે, જેની શરૂઆત આજે પ્રથમ તબક્કે નવા




શાહપુર ગામથી કરવામાં આવી છે. આ પ્રસંગે વન વિભાગના નાયબ વન સંરક્ષક ડૉ. સક્કિરા બેગમ આર., ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ પ્રા.લી.ના સીએસઆર પ્રતિનિધિ શ્રીમતી સંપાદાસ ઘોષ, શ્રી ચેતન રાઠોડ તેમજ બોસ ઈન્ડિયા ફાઉન્ડેશનના હોદ્દેદારો અને ગ્રામજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નળસરોવર પક્ષી અભયારણ્ય (વન્યજીવ વિભાગ-સાણંદ), ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ પ્રા. લી.ના સંયુક્ત ઉપક્રમે વિરમગામ તાલુકાના નવા શાહપુર ગામેથી આ વિશેષ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપી, સ્વાસ્થ્યમાં સુધારો કરવો અને પ્લાસ્ટિક કલેક્શન, પ્રોસેસિંગ તેમજ રિસાયકલિંગ દ્વારા સુવ્યવસ્થિત વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઊભી કરવાનો છે.આ પ્રકલ્પ અંતર્ગત નવા શાહપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અંદાજે 150 જેટલા સ્થાનિક રહીશોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તકે સ્થાનિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને પ્લાસ્ટિક કલેક્શન માટે ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વહીવટી તંત્ર અને સંસ્થાઓ દ્વારા સ્થાનિક જાહેર સ્થળો પર મોટા વેસ્ટ કલેક્શન બીન મૂકીને સમગ્ર વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત કરવાનું આયોજન હાથ ધરાયું છે. અહીં એકત્રિત કરવામાં આવેલો પ્લાસ્ટિક કચરો વન વિભાગ દ્વારા નવનિર્મિત પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસિંગ યુનિટમાં મોકલવામાં આવશે, જ્યાં તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી રિસાયકલ કરવામાં આવશે.આ ભગીરથ કાર્યક્રમ આગામી સમયમાં નળસરોવર પક્ષી અભયારણ્યની આજુબાજુના ઈકો સેન્સિટિવ ઝોનમાં આવતા 19 ગામો અને 36 સેટેલાઈટ વેટલેન્ડ્સ સુધી વિસ્તૃત કરવામાં આવશે, જેની શરૂઆત આજે પ્રથમ તબક્કે નવા શાહપુર ગામથી કરવામાં આવી છે. આ પ્રસંગે વન વિભાગના નાયબ વન સંરક્ષક ડૉ. સક્કિરા બેગમ આર., ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ પ્રા.લી.ના સીએસઆર પ્રતિનિધિ શ્રીમતી સંપાદાસ ઘોષ, શ્રી ચેતન રાઠોડ તેમજ બોસ ઈન્ડિયા ફાઉન્ડેશનના હોદ્દેદારો અને ગ્રામજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નળસરોવર પક્ષી અભયારણ્ય (વન્યજીવ વિભાગ-સાણંદ), ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ પ્રા. લી.ના સંયુક્ત ઉપક્રમે વિરમગામ તાલુકાના નવા શાહપુર ગામેથી આ વિશેષ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપી, સ્વાસ્થ્યમાં સુધારો કરવો અને પ્લાસ્ટિક કલેક્શન, પ્રોસેસિંગ તેમજ રિસાયકલિંગ દ્વારા સુવ્યવસ્થિત વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઊભી કરવાનો છે.આ પ્રકલ્પ અંતર્ગત નવા શાહપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અંદાજે 150 જેટલા સ્થાનિક રહીશોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તકે સ્થાનિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને પ્લાસ્ટિક કલેક્શન માટે ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર અને સંસ્થાઓ દ્વારા સ્થાનિક જાહેર સ્થળો પર મોટા વેસ્ટ કલેક્શન બીન મૂકીને સમગ્ર વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત કરવાનું આયોજન હાથ ધરાયું છે. અહીં એકત્રિત કરવામાં આવેલો પ્લાસ્ટિક કચરો વન વિભાગ દ્વારા નવનિર્મિત પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસિંગ યુનિટમાં મોકલવામાં આવશે, જ્યાં તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી રિસાયકલ કરવામાં આવશે.આ ભગીરથ કાર્યક્રમ આગામી સમયમાં નળસરોવર પક્ષી અભયારણ્યની આજુબાજુના ઈકો સેન્સિટિવ ઝોનમાં આવતા 19 ગામો અને 36 સેટેલાઈટ વેટલેન્ડ્સ સુધી વિસ્તૃત કરવામાં આવશે,

# માંડલ ખંભલાય ધામની વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ નોંધ લીધી : લક્ષચંડી મહામહોત્સવમાં 3 રેકોર્ડ મળ્યાં

**(વંદના નીલકંઠ વાસુકીયા)**
**વિરમગામ, તા. 24**

આજ આનંદ, આજ ઉછરંગ, આજ સલુણા નેહ, સખી અમારે આંગણે આજ કંચન વરસ્યાં મેહ. માંડલ ખંભલાય ધામમાં તા. ૧૪ થી ૨૪ ડીસેમ્બર દરમ્યાન અગીયાર દિવસીય ન ભુતો ન ભવિષ્યતિ શ્રી મહાશક્તિ ખંભલાય મા લક્ષચંડી મહાયાગ યોજાઈ ગયો હતો. જેમાં ૨૫૫ યજમાન પરિવારો, ૧૦૮ ચિત્રકુટીય ભુદેવો દ્વારા ૧ કરોડ ૮ લાખ કરતાં વધુ આહુતિ ચંડીપાઠના મંત્રો-શ્લોકોની મદદથી હોમી શ્રી ખંભલાય માતાજીને અર્પણ કરવામાં આવી છે. આ મહોત્સવના દશમ દિને એટલે કે, તા.૨૩ના રોજ દેશ-દુનિયામાં વસતાં રાવલ,વ્યાસ, ભટ્ટ,પંડયા અને શુક્લ સહિતના કુત્સસ ગૌત્રના ૭ હજાર પરિવારો માટે સોનેરી દિવસ હતો. મંગળકારી મંગળવારે માંડલ ખંભલાય ધામમાં ચાલી રહેલ લક્ષચંડી



મહોત્સવ દરમ્યાન વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ ૩ ઐતિહાસિક રેકોર્ડ આપીને ખંભલાય ધામની નોંધ લીધી હતી. ખંભલાય માતાજીના નીજ મંદિરે છેલ્લાં દસ વર્ષથી ચાલી રહેલ અખંડ નવચંડી યજ્ઞનો રેકોર્ડ, ગત હનુમાન જયંતિથી ધનતેરસ સુધીના સાડા છ માસ દરમ્યાન ૯૯ ભુદેવો દ્વારા સંપન્ન થયેલ ૧.૨૩ લાખ ચંડીપાઠનું પાઠાત્મક અનુષ્ઠાન માટેનો બીજો રેકોર્ડ અને ૧૧ દિવસીય લક્ષચંડી મહોત્સવમાં ૧.૦૮ કરોડથી વધુ આહુતિઓ અર્પણ કરાઈ જે ત્રીજો વર્લ્ડ રેકોર્ડ ખંભલાય ધામે પોતાના નામે કર્યો છે. મંગળવારે સાંજે આયોજિત કાર્યક્રમમાં વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાના ચીફ એડિટર પવન સોલંકી અને પ્રતિનિધિઓની ટીમ ઉપસ્થિત રહી ખંભલાય માતાજી સંસ્થાને ત્રણેય રેકોર્ડ માટે એવોર્ડ, સર્ટીફીકેટ અને સીલ્વર મેડર એનાયત કર્યો હતો. આ ઉપરાંત વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ બહોળી સંખ્યામાં સૌપ્રથમવાર ૨૫૫ યજમાન પરિવારોને પણ સર્ટીફીકેટ એનાયત કર્યા હતાં. ખંભલાય માતાજી ટ્રસ્ટ દ્વારા આ ત્રણેય રેકોર્ડ શ્રી ખંભલાય માતાજીના શ્રીચરણોમાં સમર્પિત કરાયાં હતાં, ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાના પ્રતિનિધિઓનું પણ ઉષ્માભર્યું સ્વાગત-સન્માન કર્યું હતું. આમ પ્રથમવાર ખંભલાય માતાજી ધામે એકસાથે ત્રણ કિર્તિમાન પોતાને નામે કર્યા, આ અદભુત,અવર્ણીનય અને ગૌરવશાળી-સોનેરી ક્ષણોને વધાવવા યાત્રિકો,યજમાન પરિવારો, ભુદેવો અને અને નગરજનો સહિત હજારો માઈભક્તો ઉમટી પડ્યાં હતાં.

# પી એચડી થયા

**(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.), તા. 24**

ધારા બહેન હરેશકુમાર જોશી એ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરામાંથી ડોક્ટર પ્રકાશ વેકરીયા ના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિષયમાં સંશોધન નિબંધ તૈયાર કરેલ યુનિવર્સિટીએ માન્ય રાખી આદરણીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ વ્રતના હસ્તે ડિગ્રી સર્ટી એનાયત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે યુનિવર્સિટીના અધિકારીઓ પ્રાધ્યાપકો અને પરિવારજનો એ ધારાબેન જોશીને અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# દેવગઢ બારીઆ તાલુકાના ચેનપુર ખાતે પાનમ નદી પર ૨૧.૬૦ કરોડના ખર્ચે પુલ બનશે



**અમદાવાદ, તા. 24**

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પાનમ નદી ઉપર કન્સ્ટ્રકશન ઓફ બ્રિજ એક્રોસ રીવર પાનમ એટ કી.મી ૭/૯૭૫ ઓન બારીઆ દહીકોટ રોડ તથા એપ્રોચ સાથેની કામગીરી જેની અંદાજિત રકમ ૨૨ કરોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ બ્રિજના નિર્માણથી મોરવા હડફ, ગોધરા અને દેવગઢ બારીયા વિસ્તારના અંતરિયાળ ગામોની કનેક્ટિવિટી વધશે અને હજારો નાગરિકોની અવરજવર વધુ સુગમ અને સુરક્ષિત બનશે આ પુલ ના ખાતમુહૂર્ત કાર્યક્રમ મા દાહોદ ના સાસંદ શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ, મોરવા હડફ વિધાનસભા ના ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર,દેવગઢ બારીયા ના ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ,કાર્યકર્તાઓ આગેવાનો યુવાનો બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# થરા નગરે પ.પુ.આ.ભ. શ્રી ભક્તિસુરીશ્વરજી મ.સા.ની ૬૬મી સ્વર્ગારોહણ તિથિ ઉજવાઈ



**યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 24**

ઓગડ તાલુકાના થરા નગર ખાતે આવેલ પ્રાચીન શ્રી શાંતિનાથ દાદા ના સાનિધ્યમાં પોષ સુદ ત્રીજના રોજ વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવાન શ્રી ભક્તિ સૂરીશ્વરજી મ.સા.ની ૬૬મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી સાથે ગુણાનુવાદ સહ સામુહિક આંયબીલ તપની આરાધના થઈ ગુણાનુંવાદ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલ્પેન્દ્રસૂરીશ્વરજી મ.સા.તથા પન્યાસ પ્રવર શ્રી કલ્પબોધીવિજયશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં થરા જૈન સંઘના શ્રેષ્ઠીઓ પૂણ્ય પુરૂષના ગુણાનુંવાદ કર્યા.૧૦૮ સામુહિક આંયબીલ તથા રૂ.૧૫૦ની પ્રભાવાના તેમજ પ્રવચનમાં ડ્રો પ્રભાવાના સારી કરવામાં આવેલ. સંઘમાં પૂ. પૂણ્યપુંજ પુરૂષના ગુણાનુંવાદથી સુભગ જાણકારી પ્રાપ્ત થઈ.

# ઝાલોદમાં નાતાલ ઉજવણી મુદ્દે હિન્દુ આદિવાસી સમાજની માંગ

**ઝાલોદ, તા. 24**

ઝાલોદ તાલુકામાં નાતાલ પર્વની ઉજવણીને લઈને હિન્દુ આદિવાસી સમાજ દ્વારા વહીવટી તંત્ર સમક્ષ લેખિત આવેદનપત્ર રજૂ કરી મહત્વપૂર્ણ માંગ કરવામાં આવી છે. આવેદનમાં જણાવ્યું છે કે નાતાલની ઉજવણી માટે માત્ર સરકારી ચોપડે કાયદેસર રીતે નોંધાયેલા ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓને જ મંજૂરી આપવામાં આવે.

ધર્માંતરણ અંગે આદિવાસી સમાજની ચિંતા

હિન્દુ આદિવાસી સમાજના આગેવાનોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે આદિવાસી સમાજ પરંપરાગત રીતે પોતાના દેવ-દેવતાઓની પૂજા કરતા આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી હિન્દુ આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે સભાઓ, પ્રાર્થના સભાઓ, શાંતિ મહોત્સવ જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા હોવાનું તેઓએ જણાવ્યું છે.આ કાર્યક્રમો દ્વારા ગરીબ અને ભોળા આદિવાસી લોકોમાં લાલચ અને ભ્રમ ફેલાવી ધર્માંતરણ કરાવવાના પ્રયાસ થઈ રહ્યા હોવાની પણ આદિવાસી સમાજે ચિંતા વ્યક્ત કરી હતી.

કાયદેસર નોંધણી ધરાવતા ખ્રિસ્તીઓ અંગે કોઈ વિરોધ નહીં

આદિવાસી સમાજે સ્પષ્ટ કર્યું હતું કે તેમને ખ્રિસ્તી ધર્મ સામે કોઈ વિરોધ નથી, પરંતુ જે વ્યક્તિઓ કાયદેસર રીતે સરકારી ચોપડે ખ્રિસ્તી તરીકે નોંધાયેલા હોય, તેઓ જ નાતાલની ઉજવણી કરે તે યોગ્ય છે.તેમના જણાવ્યા મુજબ, ડિસેમ્બર મહિનામાં હિન્દુ આદિવાસી વિસ્તારોમાં યોજાતા નાતાલના કાર્યક્રમો આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને અસર કરે છે, જેને રોકવાની જરૂર છે.

ધર્મ સ્વતંત્રતા અધિનિયમનો ઉલ્લેખ, આવેદનમાં વધુમાં જણાવાયું હતું કે સરકારી ચોપડે નોંધાયેલા ન હોય તેવા લોકો દ્વારા નાતાલ કાર્યક્રમોની પરવાનગી લેવી કાયદેસર નથી. ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ હેઠળ આવી પ્રવૃત્તિઓ અલગ-અલગ કલમો મુજબ ગુનાહિત અને બિનજામીનપાત્ર બની શકે છે. તેથી વહીવટી તંત્ર દ્વારા આવી પરવાનગીઓ ન આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સરકારી યોજનાઓના લાભ અંગે પ્રશ્નો, હિન્દુ આદિવાસી સમાજે આક્ષેપ કર્યો હતો કે કેટલાક લોકો ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યા છતાં પોતાનો મૂળ ધર્મ છુપાવી આદિવાસી તરીકે સરકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા છે, જે સરકાર અને આદિવાસી સમાજ બંને સાથે બેઈમાની કરી રહેલ છે.

શાળાઓમાં નાતાલ ઉજવણી મુદ્દે માંગ

ઝાલોદ તાલુકાની કેટલીક શાળાઓમાં કાયદેસર રીતે 1 ટકા કરતાં પણ ઓછા ખ્રિસ્તી વિદ્યાર્થીઓ હોવા છતાં નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવતી હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.

# અન્ન, નાગરિક પુરવઠા વિભાગના કેબિનેટ મંત્રીશ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડાની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ઉજવાયો

## વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટે ગ્રાહકોનું સશક્તિકરણ અનિવાર્ય :- કેબિનેટ મંત્રીશ્રી શ્રી રમણભાઈ સોલંકી

**અમદાવાદ, તા. 24**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રીશ્રી પૂનમચંદ બરંડાની ઉપસ્થિતિમાં ૨૪ ડિસેમ્બરે અમદાવાદમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ડિજિટલ ન્યાય દ્વારા કાર્યક્ષમ અને ઝડપી નિકાલ('Efficient and Speedy disposal through Digital Justice') ની થીમ સાથે ઉજવાયેલા 'ગ્રાહક સુરક્ષા દિવસ' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો અને ડિજિટલ માધ્યમો દ્વારા તેમની ફરિયાદોનું ઝડપી નિવારણ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરાયેલ ગ્રાહક જાગૃતિને લગતા કેલેન્ડર (વર્ષ ૨૦૨૬) નું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે જ, લીગલ મેટ્રોલોજી ટેક્નિકલ મેન્યુઅલનું પણ આ પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું હતું. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ ગ્રાહક સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટે ગ્રાહકોનું સશક્તિકરણ અનિવાર્ય છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણે સૌ જીવનના રોજબરોજના વ્યવહારમાં કોઈને કોઈ વસ્તુની ખરીદી કરીએ છીએ, તેથી આપણે સૌ એક ગ્રાહક છીએ અને ગ્રાહક સુરક્ષા એ આપણી સૌની સ્વતંત્રતાની અભિવ્યક્તિ છે. ભારત સરકાર દ્વારા ૧૯૮૬માં ગ્રાહકોને સુરક્ષા અને રક્ષણ આપવા માટે કાયદો લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ કાયદામાં મહત્વના સુધારા કરીને ગ્રાહક અધિકારોને નવી ઊંચાઈ આપવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર ગ્રાહકોને પૂરતો ન્યાય મળે તથા તેમના હક્કોની સુરક્ષા માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.વધુમાં મંત્રીશ્રીએ ગ્રાહક જાગૃતિના આધુનિક અભિગમ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, હવે આપણે ડિજિટલ યુગમાં પ્રવેશ્યા છીએ ત્યારે ગ્રાહકો પોતાના ડિજિટલ પ્લેટફોર્મ અને હેલ્પલાઈન નંબર દ્વારા પણ ફરિયાદ નોંધાવીને ન્યાય મેળવી શકે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં આશરે ૧૨,૭૫૦ જેટલા ગ્રાહકોએ પોતાની ફરિયાદો બાબતે હકારાત્મક માર્ગદર્શન મેળવ્યું છે. સરકારે ૪૧ જેટલા માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોને નાની-મોટી આર્થિક મદદ કરીને ગ્રાહક જાગૃતિના અભિયાનને વેગ આપ્યો છે. મંત્રીશ્રીએ આહવાન કર્યું હતું કે આગામી સમયમાં દરેક તાલુકા મથકોએ શિબિરો અને સેમિનારો યોજાય જેથી ગ્રાહકોમાં જાગૃતિ વધે અને ગ્રાહકોને સંતોષ મળે. આપણે સૌ સાથે મળીને સરકારના આ ભગીરથ પ્રયત્નને સફળ બનાવીએ અને 'જાગો ગ્રાહક જાગો' ના સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીએ તેવી તેમણે અપેક્ષા વ્યક્ત કરી હતી. ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી પૂનમચંદ બરંડાએ ગ્રાહક સુરક્ષાને લોકશાહીનો મજબૂત સ્તંભ ગણાવતા જણાવ્યું હતું કે, ગ્રાહક સુરક્ષા એ માત્ર કાયદાકીય બાબત નથી પરંતુ રાષ્ટ્રના આર્થિક અને સામાજિક વિકાસ સાથે સીધી જોડાયેલી છે. તેમણે ઉમેર્યું કે, ભારત સરકાર દ્વારા ૧૯૮૬ના કાયદા બાદ વર્ષ ૨૦૧૯માં નવો ગ્રાહક સુરક્ષા અધિનિયમ લાવીને ઈ-કોમર્સ અને ડાયરેક્ટ સેલિંગ જેવી આધુનિક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ગ્રાહકોને રક્ષણ, માહિતી અને પસંદગીનો અધિકાર આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં તાલુકા સ્તરે મામલતદારશ્રી અને જિલ્લા સ્તરે કલેક્ટરશ્રીને ગ્રાહક અધિકારી તરીકેની જવાબદારી સોંપી ફરિયાદોનું ઝડપી નિવારણ લાવવામાં આવી રહ્યું છે. વધુમાં, મંત્રીશ્રીએ નવી પેઢીના ઘડતર પર ભાર મૂકતા જણાવ્યું કે, 'કન્ઝ્યુમર ક્લબ' યોજના દ્વારા શાળાઓ અને કોલેજોના લાખો વિદ્યાર્થીઓને બાળપણથી જ ગ્રાહક અધિકારોની સમજ આપવામાં આવી રહી છે, જેથી તેઓ આવતીકાલના જવાબદાર નાગરિક બની શકે. તેમણે ગ્રાહક જાગૃતિની સાથે 'સ્વદેશી અભિયાન' અને 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. મંત્રીશ્રીએ ગાંધીજીના શબ્દોને ટાંકી જણાવ્યું હતું કે 'ગ્રાહક એ બજારનો રાજા છે' અને સ્વદેશી વસ્તુઓ અપનાવવી એ માત્ર ખરીદી નથી પરંતુ રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ છે, જેનાથી છેતરપિંડીથી બચી શકાય છે અને દેશની આર્થિક શક્તિમાં વધારો થાય છે. કાર્યક્રમમાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના નિયામક શ્રી સુમિત સેંગર અને અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના પ્રમુખ(ઈ. ચા)શ્રી એ.બી.પંચાલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. મહાનુભાવોએ ગ્રાહકોના અધિકારો, ગ્રાહક સુરક્ષા સંબંધિત કાયદાઓ, ન્યાય મેળવવા માટે ઉપલબ્ધ ડિજિટલ માધ્યમો અને વિવિધ અન્ય પ્લેટફોર્મ, કન્ઝ્યુમર હેલ્પલાઈન, કેમ્પ્લેઈન રિડ્રેસલ, રાષ્ટ્રીય માનકો અને માનકો આધારિત ઉત્પાદનો સહિતની બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદના ચેરમેન શ્રી સુનિલ પારેખે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. 'જાગૃત ગ્રાહક, જાગૃત રાષ્ટ્ર'ના મંત્ર સાથે ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી, અમદાવાદ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમદાવાદ સ્થિત સરદારધામ ખાતે ઉજવાયેલા કાર્યક્રમ દરમિયાન ગ્રાહક જાગૃતિ અંગેના વિવિધ પાસાઓ અને કાયદાકીય જોગવાઈઓ વિશે વિવિધ સ્ટોલ્સ દ્વારા તેમજ કાર્યક્રમ દરમિયાન વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ઉજવણી કાર્યક્રમમાં અમદાવાદના નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના નાયબ સચિવ(ગ્રાહકોની બાબતો) શ્રી કિંજલ થોરાટ, અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના સભ્ય સુશ્રી વાય.ટી. મહેતા, અમદાવાદ જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી દીનતા કથીરીયા તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, વિવિધ સંસ્થાઓ અને મંડળોના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# 16 ચોગ્ગા...15 છગ્ગા... અને 190 રન:14 વર્ષના વૈભવની વધુ એક વિક્રમી ઈનિંગ; વિજય હઝારે ટ્રોફીમાં બિહારે અરુણાચલ પ્રદેશ સામે 574 રન ફટકાર્યા

## બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ આજે અરુણાચલ પ્રદેશ સામે 36 બોલમાં સદી ફટકારીને આ ખાસ યાદીમાં પોતાનું નામ નોંધાવી દીધું છે

**મુંબઈ તા. 24**

વિજય હઝારે ટ્રોફીનો પ્રથમ દિવસ યુવા બેટર્સના નામે રહ્યો હતો. વૈભવ સૂર્યવંશીએ બુધવારે અરુણાચલ પ્રદેશ સામે માત્ર 36 બોલમાં સદી ફટકારી હતી. બીજી તરફ, બિહારના કેપ્ટન સાકિબુલ ગનીએ 32 બોલમાં અને ઝારખંડ તરફથી રમતા ઈશાન કિશને 33 બોલમાં તોફાની સદી ફટકારી હતી.

14 વર્ષનો વૈભવ લિસ્ટ-A ક્રિકેટમાં સદી ફટકારનારા વિશ્વનો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. બિહાર તરફથી રમતા વૈભવે પાકિસ્તાનના ઝહૂર ઈલાહીનો 39 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે.

ઝહૂર ઈલાહીએ વર્ષ 1986માં વિલ્સ કપ દરમિયાન પાકિસ્તાન ઓટોમોબાઈલ્સ તરફથી રમતા રેલવે સામે સદી ફટકારી હતી. તે સમયે તેમની ઉંમર માત્ર 15 વર્ષ 209 દિવસ હતી. વૈભવે 14 વર્ષ 272 દિવસની ઉંમરે સદી ઠોકીને સૌથી નાની ઉંમરે સદી બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

બીજી તરફ, બિહારે અરુણાચલ પ્રદેશ સામે લિસ્ટ-A ક્રિકેટમાં 574/6નો સ્કોર બનાવ્યો. જેમાં બિહારના ત્રણ બેટર્સે સદી ફટકારી.

સૌથી ઝડપી લિસ્ટ-A સદી

લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ જેક ફ્રેઝર-મેકગર્કના નામે છે, જેણે માત્ર 29 બોલમાં સદી ફટકારી હતી. ત્યારબાદ એબી ડિવિલિયર્સે 31 બોલમાં સદી ફટકારીને આ પરાક્રમ કર્યું. ભારતની વાત કરીએ તો, પંજાબના અનમોલપ્રીત સિંહે અરુણાચલ પ્રદેશ સામે જ 35 બોલમાં સદી ફટકારી હતી. જ્યારે હવે બિહારના વૈભવ સૂર્યવંશીએ તે જ ટીમ સામે 36 બોલમાં સેન્ચુરી ફટકારીને આ ખાસ યાદીમાં પોતાનું નામ નોંધાવ્યું છે.



આંકડા છે, તે કેટલા બોલમાં સેન્ચુરી પૂરી કરી, તેના છે.

આંકડા છે, તે કેટલા બોલમાં સેન્ચુરી પૂરી કરી, તેના છે.

સાકિબુલ ગનીએ 32 બોલમાં સદી ફટકારી

ઈન્ડિયન બેટર્સમાં લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ હવે બિહારના કેપ્ટન સાકિબુલ ગનીના નામે થઈ ગયો છે. તેણે આજે માત્ર 32 બોલમાં સદી ફટકારીને નવો ઈતિહાસ રચ્યો છે. આ યાદીમાં હવે બીજા સ્થાને ઈશાન કિશન આવી ગયો છે, જેણે અમદાવાદમાં ઝારખંડ તરફથી રમતા કર્ણાટક સામે 33 બોલમાં સેન્ચુરી ફટકારી હતી.

આ પહેલા આ રેકોર્ડ અનમોલપ્રીત સિંહના નામે હતો, જેણે 2024માં પંજાબ તરફથી અરુણાચલ પ્રદેશ સામે 35 બોલમાં સદી ફટકારી હતી. બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ આજે અરુણાચલ પ્રદેશ સામે 36 બોલમાં સદી ફટકારીને આ ખાસ યાદીમાં પોતાનું નામ નોંધાવી દીધું છે.

ભારતીય લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારનારાઓની આ યાદીમાં યુસુફ પઠાણ (40 બોલ, 2010), ઉર્વિલ પટેલ (41 બોલ, 2023) અને અભિષેક શર્મા (42 બોલ, 2021) પણ સામેલ છે, જેમણે પોતાની વિસ્ફોટક બેટિંગથી ઈતિહાસ રચ્યો છે.બિહારે અરુણાચલ પ્રદેશ સામે 574/6નો સ્કોર બનાવ્યો

રાંચીમાં રમાઈ રહેલી વિજય હજારે ટ્રોફીની પ્લેટ ગ્રુપ મેચમાં બિહારની ટીમે ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. અરુણાચલ પ્રદેશ સામે પ્રથમ બેટિંગ કરતા બિહારે 50 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 574 રનનો વિશાળ સ્કોર બનાવ્યો છે. લિસ્ટ-A ક્રિકેટના છેલ્લા 5 દાયકાના ઈતિહાસમાં આ સૌથી મોટો સ્કોર છે.

બિહારની આ ઈનિંગમાં ત્રણ બેટર્સે શાનદાર સદી ફટકારી હતી. આ સાથે બિહારે અગાઉના તમામ રેકોર્ડ તોડીને વર્લ્ડ ક્રિકેટમાં પોતાનું નામ બનાવ્યું છે.

બિહારે તામિલનાડુનો રેકોર્ડ તોડ્યો

લિસ્ટ-A ક્રિકેટમાં પહેલીવાર કોઈ ટીમે 550 રનનો આંકડો પાર કર્યો છે. લિસ્ટ-A ક્રિકેટમાં આ માત્ર બીજી વખત છે જ્યારે કોઈ ટીમે 500 થી વધુ રન બનાવ્યા હોય. નવાઈની વાત એ છે કે બંને વખતે સામે અરુણાચલ પ્રદેશની ટીમ જ હતી. તમિલનાડુની ટીમે 2022માં અરુણાચલ સામે 505 રન બનાવ્યા હતા, જ્યારે આ મુકાબલામાં બિહારે અરુણાચલ પ્રદેશ સામે જ 574 રન ફટકારી દીધા.

## ભારત સામેની સિરીઝ માટે ન્યૂઝીલેન્ડ ટીમની જાહેરાત : માઈકલ બ્રેસવેલ વન-ડેમાં કેપ્ટનશીપ કરશે

**મુંબઈ તા. 24**

ન્યૂઝીલેન્ડ ક્રિકેટે ભારત સામે 3 વન-ડે અને 5 T20ની સિરીઝ માટે પોતાની ટીમ જાહેર કરી દીધી છે. 15 સભ્યોની યુવા વન-ડે ટીમની કેપ્ટનશીપ ઓલરાઉન્ડર માઈકલ બ્રેસવેલ કરશે. જ્યારે દિગ્ગજ કેન વિલિયમસન અને નિયમિત કેપ્ટન મિચેલ સેન્ટનરને આરામ આપવામાં આવ્યો છે. જોકે, સેન્ટનર T20 સિરીઝમાં કેપ્ટનશીપ કરશે. ન્યૂઝીલેન્ડે વન-ડે ટીમમાં મોટાભાગના નવા ખેલાડીઓને તક આપી. આમાં આદિ અશોક, ક્રિશ્ચિયન ક્લાર્ક, જોશ ક્લાર્કસન, ઝેકરી ફોલ્ક્સ, નિક કેલી, જેડન લેનોક્સ અને માઈકલ રેનો સમાવેશ થાય છે.



## ભારતીય મહિલા ટીમે બીજી T20 પણ જીતી : શ્રીલંકાને 7 વિકેટે હરાવ્યું, શેફાલીની ફિફ્ટી ; વૈષ્ણવી શર્માએ 2 વિકેટ લીધી



**મુંબઈ તા. 24**

ઈન્ડિયા વુમન્સ શ્રીલંકાને બીજી T20માં પણ 7 વિકેટે હરાવ્યું. આ સાથે હોમ ટીમે 5 મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી. વિશાખાપટ્ટનમમાં મંગળવારે ભારતે બોલિંગ પસંદ કરી. શ્રીલંકા 9 વિકેટ ગુમાવીને માત્ર 128 રન જ બનાવી શકી. ભારતે 12મી ઓવરમાં જ ટાર્ગેટ ચેઝ કરી લીધો. શ્રી ચારણી અને વૈષ્ણવીને 2-2 વિકેટ ડો. વાયએસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં શ્રીલંકાએ પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી દીધી. વિષ્મી ગુણારત્ને 1 રન બનાવીને આઉટ થઈ. કેપ્ટન ચમારી અટાપટ્ટુએ પછી હસિની પરેરા સાથે ટીમને 40ની નજીક પહોંચાડી. અટાપટ્ટુ 31 રન બનાવીને આઉટ થઈ. હસિનીએ હર્ષિતા સમરવિક્રમા સાથે ટીમને 80ને પાર પહોંચાડી. હસિની 22 અને હર્ષિતા 33 રન બનાવીને આઉટ થઈ ગઈ. બંનેના પેવેલિયન પરત ફરતા જ ટીમ વિખેરાઈ ગઈ અને માત્ર 128 રન જ બનાવી શકી. ભારત તરફથી સ્પિનર શ્રી ચારણી અને વૈષ્ણવી શર્માએ 2-2 વિકેટ લીધી. સ્નેહ રાણા અને ક્રાંતિ ગૌડને 1-1 વિકેટ મળી. 3 બેટર્સ રન આઉટ પણ થયા. શેફાલીએ ફિફ્ટી ફટકારી 129 રનના ટાર્ગેટ સામે ઈન્ડિયા વુમન્સ ઝડપી શરૂઆત કરી અને 3 ઓવરમાં 29 રન બનાવી લીધા. સ્મૃતિ મંધાના 11 બોલમાં 14 રન બનાવીને આઉટ થઈ. શેફાલી વર્માએ પછી જેમિમાહ રોડ્રિગ્ઝ સાથે ફિફ્ટી પાર્ટનરશિપ કરી લીધી. જેમિમાહ 15 બોલમાં 26 રન બનાવીને આઉટ થઈ, પરંતુ ટીમને 8 ઓવરમાં 90ની નજીક પહોંચાડી દીધી. શેફાલીએ માત્ર 27 બોલમાં ફિફ્ટી ફટકારી અને ટીમને 9મી ઓવરમાં 100 રનના પાર પહોંચાડી દીધી. તેણે કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે મળીને 11.5 ઓવરમાં ટીમને જીત અપાવી. શેફાલી 69 રન બનાવીને નોટઆઉટ રહી.

## ■ - જાહ્નવી સહિતના કલાકારોએ સળંગ તારીખો ફાળવી દીધી: ટાઈગર નેગેટિવ રોલમાં હશે



# જાહ્નવી અને લક્ષ્યની લગ જા ગલેનું શૂટિંગ સળંગ 3 મહિનામાં આટો પાશે



**મુંબઈ તા. 24**

મુંબઈ : જાહ્નવી કપૂર, લક્ષ્ય લાલવાણી અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'લગ જા ગલે'નું શૂટિંગ ત્રણ મહિનાના એક જ શિડયૂલમાં આટોપાશે. ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે અને હવે તેમાં કોઈ લાંબો બ્રેક નહિ આવે. આગામી માર્ચ સુધીમાં શૂટિંગ પૂર્ણ કરી દેવાશે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. જોકે, તેણે પોતે ડિરેક્શન કરવાને બદલે રાજ મહેતાને ફિલ્મનું સુકાન સોંપ્યું છે. ફિલ્મમાં ટાઈગર શ્રોફ નેગેટિવ ભૂમિકા કરવાનો છે. ફિલ્મ માટે જાહ્નવી, લક્ષ્ય અને ટાઈગર ત્રણેયએ સળંગ તારીખો ફાળવી દીધી હોવાનું કહેવાય છે. કરણ જોહરના પ્લાનિંગ પ્રમાણે તે ૨૦૨૬નાં અંત પહેલાં આ ફિલ્મ રીલિઝ કરવા ધારે છે. ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે અને હવે તેમાં કોઈ લાંબો બ્રેક નહિ આવે. આગામી માર્ચ સુધીમાં શૂટિંગ પૂર્ણ કરી દેવાશે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. જોકે, તેણે પોતે ડિરેક્શન કરવાને બદલે રાજ મહેતાને ફિલ્મનું સુકાન સોંપ્યું છે. ફિલ્મમાં ટાઈગર શ્રોફ નેગેટિવ ભૂમિકા કરવાનો છે. ફિલ્મ માટે જાહ્નવી, લક્ષ્ય અને ટાઈગર ત્રણેયએ સળંગ તારીખો ફાળવી દીધી હોવાનું કહેવાય છે. કરણ જોહરના પ્લાનિંગ પ્રમાણે તે ૨૦૨૬નાં અંત પહેલાં આ ફિલ્મ રીલિઝ કરવા ધારે છે. ફિલ્મ માટે જાહ્નવી, લક્ષ્ય અને ટાઈગર ત્રણેયએ સળંગ તારીખો ફાળવી દીધી હોવાનું કહેવાય છે. કરણ જોહરના પ્લાનિંગ પ્રમાણે તે ૨૦૨૬નાં અંત પહેલાં આ ફિલ્મ રીલિઝ કરવા ધારે છે.

## કિયારા અડવાણી હવે બિકીની સીન નહીં કરે!



**મુંબઈ, તા. 24**

કિયારા અડવાણી માતા બન્યાના પાંચ મહિના પછી કામ પર પાછી ફરી છે. તાજેતરમાં તેણે વોગ મેગેઝિન માટે ફોટોશૂટ કરાવ્યું અને ઈન્ટરવ્યૂ આપ્યો છે. એક્ટ્રેસ વોગ મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યૂમાં તેની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ 'વૉર-2'ના બિકીની સીન વિશે વાત કરી છે. આ ઉપરાંત, તેણે મેન્ટલ હેલ્થ અને અન્ય વિવિધ મુદ્દાઓ પર પણ વાત કરી. ઈન્ટરવ્યૂમાં કિયારાએ જણાવ્યું કે- આજકાલ તે તેની દીકરી સરાયાહની કિલકિલાટ જોઈને બધો થાક ભૂલી જાય છે. તેણે કહ્યું કે- આવી ક્ષણો અને માતૃત્વએ તેમના શરીર સાથેના તેમના સંબંધોને બદલી નાખ્યા છે. માતૃત્વની સરખામણીમાં એક-બે કિલો વજન ઘટાડવું મહત્વહીન લાગે છે, કારણ કે તેણે જ તેને પોતાના શરીરનું મહત્વ શીખવ્યું છે. 'વૉર-2'ના બિકીની સીન પર વાત કરતા એક્ટ્રેસે કહ્યું કે- તેણે ફિલ્મમાં બિકીની પહેરવા માટે ખૂબ જ શિસ્ત સાથે ટ્રેનિંગ લીધી હતી. પરંતુ ફિલ્મ ત્યારે રિલીઝ થઈ જ્યારે તેમણે હમણાં જ પોતાની દીકરીને જન્મ આપ્યો હતો.



## નોરાની કાર સાથે બીજી કાર અથડાતાં માથામાં ઈજા

### માથું બારી સાથે અફળાયું હતું, જિંદગીનો સૌથી ડરામણો અનુભવ : નોરા, - જોકે, ચેક અપ બાદ શો કરવા પહોંચી ગઈ

**મુંબઈ તા. 24**

મુંબઈ: નોરા ફતેહી શનિવારે મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં પરફોર્મ કરવા જઈ રહી હતી ત્યારે આંબોલી વિસ્તારમાં દારુ પીને કાર ચલાવતા એક કાર ચાલકે તેની કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નોરા કારમાં આમથી તેમ ફંગોળાઈ હતી અને તેનું માથું બારી સાથે જોરથી અફળાયું હતું. નોરાની ટીમ તેને તરત જ નજીકની હોસ્પિટલે લઈ ગઈ હતી. જ્યાં તેને મસ્તિકમાં સામાન્ય ઈજા થઈ હોવાનું કન્ફર્મ થયું હતું. તબીબોએ નોરાને આરામ કરવાની સલાહ આપી હતી જોકે, તે આ સલાહને અવગણીને સાઉથ મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં ડીજે ડેવિડ ગુએટા સાથે તેનાં નિર્ધારિત પરફોર્મન્સ માટે પહોંચી ગઈ હતી. નોરાએ બાદમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેને સ્હેજ ઈજા, સોજા અને મસ્તિકમાં ઈજા થઈ છે પરંતુ પોતે બચી ગઈ એ જ મોટી વાત છે. આ મારી જિંદગીનો સૌથી ડરામણો અનુભવ હતો. તેણે કહ્યું હતું કે પોતે આ જ કારણોસર ડ્રિંક એન્ડ ડ્રાઈવની હંમેશાં વિરોધી રહી છે. ત્યારે આંબોલી વિસ્તારમાં દારુ પીને કાર ચલાવતા એક કાર ચાલકે તેની કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નોરા કારમાં આમથી તેમ ફંગોળાઈ હતી અને તેનું માથું બારી સાથે જોરથી અફળાયું હતું. નોરાની ટીમ તેને તરત જ નજીકની હોસ્પિટલે લઈ ગઈ હતી. જ્યાં તેને મસ્તિકમાં સામાન્ય ઈજા થઈ હોવાનું કન્ફર્મ થયું હતું. તબીબોએ નોરાને આરામ કરવાની સલાહ આપી હતી જોકે, તે આ સલાહને અવગણીને સાઉથ મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં ડીજે ડેવિડ ગુએટા સાથે તેનાં નિર્ધારિત પરફોર્મન્સ માટે પહોંચી ગઈ હતી. નોરાએ બાદમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેને સ્હેજ ઈજા, સોજા અને મસ્તિકમાં ઈજા થઈ છે પરંતુ પોતે બચી ગઈ એ જ મોટી વાત છે. આ મારી જિંદગીનો સૌથી ડરામણો અનુભવ હતો. તેણે કહ્યું હતું કે પોતે આ જ કારણોસર ડ્રિંક એન્ડ ડ્રાઈવની હંમેશાં વિરોધી રહી છે. ત્યારે આંબોલી વિસ્તારમાં દારુ પીને કાર ચલાવતા એક કાર ચાલકે તેની કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નોરા કારમાં આમથી તેમ ફંગોળાઈ હતી અને તેનું માથું બારી સાથે જોરથી અફળાયું હતું. નોરાની ટીમ તેને તરત જ નજીકની હોસ્પિટલે લઈ ગઈ હતી. જ્યાં તેને મસ્તિકમાં સામાન્ય ઈજા થઈ હોવાનું કન્ફર્મ થયું હતું. તબીબોએ નોરાને આરામ કરવાની સલાહ આપી હતી જોકે, તે આ સલાહને અવગણીને સાઉથ મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં ડીજે ડેવિડ ગુએટા સાથે તેનાં નિર્ધારિત પરફોર્મન્સ માટે પહોંચી ગઈ હતી. નોરાએ બાદમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેને સ્હેજ ઈજા, સોજા અને મસ્તિકમાં ઈજા થઈ છે પરંતુ પોતે બચી ગઈ એ જ મોટી વાત છે. આ મારી જિંદગીનો સૌથી ડરામણો અનુભવ હતો. તેણે કહ્યું હતું કે પોતે આ જ કારણોસર ડ્રિંક એન્ડ ડ્રાઈવની હંમેશાં વિરોધી રહી છે.

# સોના-ચાંદીના ભાવે સતત ત્રીજા દિવસે રેકોર્ડ તોડ્યો: ચાંદીમાં એક જ દિવસમાં રુ. 8 હજારનો વધારો.....

## 10 ગ્રામ સોનાનો ભાવ રુ. 1.37 લાખ થયો, તેજીનાં મુખ્ય કારણો જાણો

**નવી દિલ્હી, તા.24**

સોના-ચાંદીના ભાવ આજે 24 ડિસેમ્બરે સતત ત્રીજા દિવસે ઓલટાઈમ હાઈ પર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર સોનું 352 રૂપિયા વધીને 1,36,635 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયું છે. આ પહેલાં મંગળવારે એ 1,36,283 રૂપિયા પર હતું.

1 કિલો ચાંદીની કિંમત 7,934 રૂપિયા વધીને 2,18,954 રૂપિયા પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. ગઈકાલે એની કિંમત 2,11,020/કિલો હતી. 10 દિવસમાં ચાંદી 30,673 રૂપિયા મોંઘી થઈ છે. 11 ડિસેમ્બરે એની કિંમત 1,88,281 રૂપિયા પ્રતિ કિલો હતી. IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યારસુધીમાં સોનાની કિંમત 60,473 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,36,635 રૂપિયાનું થઈ ગયું છે.



ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,32,937 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,18,954 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.50 લાખ સુધી પહોંચી શકે છે. સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં એ 10 ગ્રામદીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ: સોનું એક ભૌતિક વસ્તુ છે, તેથી એને લઈ જવામાં ખર્ચ થાય છે. મોટા ભાગની આયાત પ્લેન દ્વારા થાય છે. પછી સોનાને આંતરિક વિસ્તારો સુધી પહોંચાડવું પડે છે. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં ઈંધણ, સુરક્ષા, વાહન, સ્ટાફનો પગાર વગેરેનો સમાવેશ થાય છે.

સોનાની ખરીદીની માત્રા: સોનાની માગ શહેર અને રાજ્ય પ્રમાણે અલગ-અલગ હોય છે. સાઉથ ઈન્ડિયામાં ભારતની કુલ સોનાની ખપતનો લગભગ 40% હિસ્સો છે. અહીં વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે, જેનાથી ભાવ ઓછા થાય છે. જ્યારે ટિયર-2 શહેરોમાં ભાવ વધુ હોય છે. સ્થાનિક જ્વેલરી એસોસિયેશન: જેમ કે તામિલનાડુમાં સોનાનો ભાવ જ્વેલર્સ એન્ડ ડાયમંડ ટ્રેડર્સ એસોસિયેશન નક્કી કરે છે. એવી જ રીતે દેશભરમાં અન્ય ઘણાં એસોસિયેશનો છે જે ભાવ નક્કી કરે છે. સોનાની ખરીદ કિંમત: આ સૌથી મોટું પરિબળ છે, જે વિવિધ શહેરોમાં સોનાના દરોને અસર કરે છે. જે જ્વેલર્સે સ્ટોક સસ્તામાં ખરીદ્યો હોય તેઓ ઓછા ભાવ વસૂલી શકે છે.

# LIC હાઉસિંગ ફાઈનાન્સે હોમ લોનના વ્યાજ દરો ઘટાડ્યા : હવે સસ્તા દરે લોન મળશે; 825થી વધુ CIBIL સ્કોર ધરાવતા લોકોને સૌથી વધારે ફાયદો

**નવી દિલ્હી, તા.24**

LIC હાઉસિંગ ફાઈનાન્સ (LIC HFL) એ ઘર ખરીદનારાઓને મોટી રાહત આપતા તેની હોમ લોનની વ્યાજ દરોમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ નવી હોમ લોન માટે પ્રારંભિક વ્યાજ દર ઘટાડીને 7.15% કર્યો છે.




આ નવો દર એવા ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે, જેમની ક્રેડિટ પ્રોફાઈલ એટલે કે CIBIL સ્કોર સારો છે. ખાસ વાત એ છે કે LIC નો આ દર દેશની સૌથી મોટી સરકારી બેંક SBI ના પ્રારંભિક દરો કરતાં પણ ઓછો થઈ ગયો છે. SBI હાલમાં 7.25%ના પ્રારંભિક દરે હોમ લોન આપી રહ્યું છે, જે 15 ડિસેમ્બરથી લાગુ છે. LICના નવા દરો પછી બજારમાં સ્પર્ધા વધી ગઈ છે, જેનો સીધો ફાયદો એવા ગ્રાહકોને મળશે જેમનો ક્રેડિટ સ્કોર ઘણો સારો છે.

LIC-HFL મુજબ, વ્યાજ દરોનું નવું માળખું સંપૂર્ણપણે લોન લેનાર વ્યક્તિના CIBIL સ્કોર પર આધારિત છે.

CIBIL સ્કોર એક ત્રણ અંકનો નંબર હોય છે જે તમારી જૂની લોન હિસ્ટ્રી અને તેને ચૂકવવાની ક્ષમતા દર્શાવે છે.

કંપનીનો ઉદ્દેશ્ય એવા ગ્રાહકોને ફાયદો પહોંચાડવાનો છે, જેઓ પોતાનો ક્રેડિટ રેકોર્ડ હંમેશા સારો રાખે છે.

જે ગ્રાહકોનો CIBIL સ્કોર 825 કે તેથી વધુ છે, તેઓ 7.15% ના સૌથી ઓછા વ્યાજ દરે લોન લેવા માટે પાત્ર હશે. આ દર 5 કરોડ રૂપિયા સુધીની હોમ લોન પર લાગુ પડશે.

કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે આ પગલું હોમ ફાઈનાન્સિંગને વધુ સસ્તું બનાવવા માટે લેવામાં આવ્યું છે. તેનાથી મોટી રકમની લોન માટે અરજી કરનારા લોકોનો માસિક EMI ઓછો થઈ જશે.

ETના રિપોર્ટ અનુસાર, LIC હાઉસિંગ ફાઈનાન્સનો આ નવો દર ભારતીય સ્ટેટ બેંક (SBI)ની સરખામણીમાં થોડો ઓછો છે. SBI હાલમાં 7.25%ના પ્રારંભિક દરે હોમ લોન આપી રહ્યું છે, જે 15 ડિસેમ્બરથી લાગુ છે. LICના નવા દરો પછી બજારમાં સ્પર્ધા વધી ગઈ છે, જેનો સીધો ફાયદો એવા ગ્રાહકોને મળશે જેમનો ક્રેડિટ સ્કોર ઘણો સારો છે.

આ ઘટાડો ફક્ત નવા લોન લેનારાઓ માટે જ નથી. LIC હાઉસિંગ ફાઈનાન્સે જણાવ્યું છે કે જે ગ્રાહકો અન્ય બેંકો અથવા હાઉસિંગ કંપનીઓ પાસેથી તેમની લોન LIC માં ટ્રાન્સફર (બેલેન્સ ટ્રાન્સફર) કરવા માંગે છે, તેઓ પણ આ નવા દરોનો લાભ લઈ શકે છે. તેનાથી જૂના ગ્રાહકોને પણ તેમની EMI ઘટાડવાની તક મળશે.

બજાર નિષ્ણાતોનું માનવું છે કે LIC દ્વારા દરોમાં ઘટાડો થવાથી ઘરોની માગ વધી શકે છે. ઘણીવાર વ્યાજ દરોમાં થોડો ઘટાડો પણ લાંબા ગાળાની લોન પર લાખો રૂપિયાની બચત કરાવે છે. આવનારા સમયમાં અન્ય ખાનગી અને સરકારી બેંકો પણ ગ્રાહકોને આકર્ષવા માટે તેમના વ્યાજ દરોમાં ફેરફાર કરી શકે છે.

# હવે ઈન્ડિગોની મનમાની નહીં ચાલે! સરકારે ત્રણ નવી એરલાઈન્સને આપી મંજૂરી...

**નવી દિલ્હી, તા.24**

ભારતીય એવિએશન સેક્ટરમાં અત્યાર સુધી ગણ્યા-ગાંઠ્યા ખેલાડીઓનું વર્ચસ્વ હતું, જેના કારણે મુસાફરોએ ઘણીવાર ઊંચા ભાડા અને મનમાનીનો સામનો કરવો પડતો હતો. જોકે, હવે આ એકહથ્થુ શાસન તોડવા માટે કેન્દ્ર સરકારે કમર કસી છે. સરકારે હવે ઈન્ડિગોની મનમાની નહીં ચાલે ! તેવા મક્કમ સંકેત આપતા 'અલ હિંદ એર', 'ફ્લાય એક્સપ્રેસ' અને શંખ એર નામની ત્રણ નવી એરલાઈન્સને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપી દીધું છે. આ નિર્ણયથી આગામી સમયમાં હવાઈ મુસાફરોને વધુ વિકલ્પો અને સસ્તી ટિકિટો મળવાની આશા જાગી છે.



હાલમાં ઈન્ડિગો અને ટાટા ગ્રુપની એર ઈન્ડિયાનો દબદબો છે. દેશના લગભગ 90 ટકા મુસાફરો આ ત્રણ કંપનીઓની સેવાનો ઉપયોગ કરે છે. તાજેતરમાં ઈન્ડિગોની સિસ્ટમ ખોરવાતા હજારો મુસાફરો હેરાન-પરેશાન થઈ ગયા હતા, ત્યારથી આ સેક્ટરમાં વધુ એરલાઈન્સની જરૂર હોવાનું લાગી રહ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું છે કે, મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા મળે તે માટે સરકાર નવી એરલાઈન્સને પ્રોત્સાહિત કરી રહી છે.

'અલ હિંદ એર' એરલાઈન્સ (Al Hind Air Airlines) કેરળ સ્થિત અલહિંદ ગ્રુપની છે, જે ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં જાણીતું નામ છે. જ્યારે હૈદરાબાદની 'ફ્લાય એક્સપ્રેસ' (Fly Express Airlines) કંપની અત્યાર સુધી કુરિયર અને કાર્ગો સેવાઓમાં સક્રિય હતી, જે હવે પેસેન્જર સેવાઓમાં પણ ઝંપલાવશે. આ ઉપરાંત, 'શંખ એર' (Shankh Air) ને પણ અગાઉ મંજૂરી મળી ચૂકી છે, જે ઉત્તર પ્રદેશના મુખ્ય શહેરોને જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

સરકારની 'ઉડાન' યોજના હેઠળ સ્ટાર એર અને ફ્લાય91 જેવી કંપનીઓ પહેલેથી કાર્યરત છે. હવે આ નવી એરલાઈન્સ આવવાથી ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં કનેક્ટિવિટી વધશે. આ પગલાથી માત્ર મોટા શહેરો જ નહીં પરંતુ નાના શહેરોના મુસાફરો માટે પણ વિમાન મુસાફરી વધુ સરળ અને સસ્તી બનશે.

# સેન્સેક્સ 116 પોઈન્ટ ઘટીને 85,409 પર બંધ: નિફ્ટીમાં 35 પોઈન્ટનો ઘટાડો, IT અને બેન્કિંગ શેર્સ ગગડ્યા


**મુંબઈ, તા.24**

શેરબજારમાં આજે એટલે કે 24 જાન્યુઆરીએ તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 116 પોઈન્ટ વધીને 85,409 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 35 પોઈન્ટનો ઉછાળો રહ્યો અને તે 26,142ના સ્તરે બંધ થયો.

સેન્સેક્સના 30 માંથી 17 શેરોમાં ઘટાડો અને 13માં તેજી રહી હતી. નિફ્ટીના 50 માંથી 30 શેર્સમાં ઘટાડો નોંધાયો હતો. આજે IT અને બેન્કિંગ શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.13% ઉપર 4,122 પર અને જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 0.093% ઉપર 50,460 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.097% વધીને 25,799 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.24% વધીને 3,929 પર કારોબાર કરી રહ્યો છે.




23 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.16% ઉપર 48,442 પર બંધ થયો હતો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.57% અને S&P 500માં 0.46% નો ઉછાળો જોવા મળ્યો હતો.

ગુજરાત કિડની એન્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના IPOનો આજે છેલ્લો દિવસ છે. આ ઈશ્યૂ દ્વારા કંપની 2,20,00,000 નવા શેર વેચીને 250.80 કરોડ રૂપિયા એકત્ર કરશે.

કંપનીના શેર 30 ડિસેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. કંપનીએ આ IPOનો પ્રાઈસ બેન્ડ 108 થી 114 રૂપિયાની વચ્ચે નક્કી કર્યો છે.

આ ઈશ્યૂ માટે રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 128 શેર માટે અરજી કરી શકે છે. જો તમે IPOના અપર પ્રાઈસ બેન્ડ 114 મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,592 રૂપિયા ચૂકવવા પડશે.

જ્યારે રિટેલ રોકાણકારો IPOના મહત્તમ 13 લોટ એટલે કે 1,664 શેર માટે બોલી લગાવી શકે છે. આ માટે તેમને મહત્તમ 1,89,696 રૂપિયાનું રોકાણ કરવું પડશે.

23 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 1,794.80 કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 3,812.37 કરોડ રૂપિયાના શેર્સ ખરીદ્યા.

ડિસેમ્બરમાં 23 તારીખ સુધીમાં FIIs એ કુલ 22,109.51 કરોડના શેર્સ વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 59,902.71 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના બીજા કારોબારી દિવસે આજે એટલે કે 23 ડિસેમ્બરે શેરબજારમાં લગભગ 400 પોઈન્ટનો ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સેન્સેક્સ 43 પોઈન્ટ ઘટીને 85,525 પર બંધ થયો. નિફ્ટીમાં 5 પોઈન્ટનો વધારો જોવા મળ્યો, તે 26,177 ના સ્તરે છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 17 નીચે બંધ થયા. ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એરટેલમાં 1.5% સુધીનો ઘટાડો જોવા મળ્યો. ITC, અલ્ટ્રાટેક સિમેન્ટ અને TMPV 1% વધીને બંધ થયા.

નિફ્ટીના 50માંથી 26 શેર્સ ઘટીને બંધ થયા. NSEના IT, ફાર્મા અને બેન્કિંગ સેક્ટરમાં આજે ઘટાડો જોવા મળ્યો. જ્યારે, FMCG, મીડિયા અને મેટલ ઉપર બંધ થયા.

# અમે ભારતના 'બે સૌથી મોટા ભાગેડુ' : વિજય માલ્યાની બર્થ ડે પાર્ટીમાં લલિત મોદીએ ઈન્સ્ટામાં વીડિયો પોસ્ટ કર્યો, લખ્યું- ચાલો, ફરી ઈન્ટરનેટ ગજવી દઈએ

**લંડન, તા.24**

ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાના લંડનમાં આયોજિત જન્મદિવસ સમારોહનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. આમાં ભાગેડુ હીરા ઉદ્યોગપતિ લલિત મોદી પોતાને અને વિજય માલ્યાને 'ભારતના બે સૌથી મોટા ભાગેડુ' કહી રહ્યા છે. વીડિયો નીરવ મોદીએ પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

આને પોસ્ટ કરતાં નીરવે લખ્યું- ચાલો, ફરીથી ઈન્ટરનેટ હલાવી દઉં. ખાસ કરીને તમારા મીડિયાવાળાઓ માટે. ઈર્ષ્યા સાથે જોતા રહો. વીડિયો સામે આવતાં જ સોશિયલ મીડિયા પર તીખી પ્રતિક્રિયાઓ આવી અને ઘણા યુઝર્સે ભારતીય તપાસ એજન્સીઓ અને સરકાર પર સવાલો ઉઠાવ્યા. આ દરમિયાન બોમ્બે હાઈકોર્ટે સોમવારે વિજય માલ્યાને પૂછ્યું છે કે તેઓ ભારત ક્યારે પાછા ફરશે. કોર્ટે કહ્યું હતું કે ભારતમાં આવ્યા વિના અને કોર્ટના અધિકારક્ષેત્રમાં આવ્યા વિના, માલ્યાની અરજી પર સુનાવણી થશે નહીં. માલ્યાએ ફ્યુજિટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ અને પોતાને ભાગેડુ જાહેર કરવાના નિર્ણયને પડકાર્યો છે.

વિજય માલ્યા 2016થી બ્રિટનમાં છે અને 2019માં તેને સત્તાવાર રીતે ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે લલિત મોદી 2010થી વિદેશમાં રહે છે અને તેના પર ટેક્સ ચોરી, મની લોન્ડરિંગ અને IPL સંબંધિત ગંભીર આરોપો છે. ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અંખાડની બેન્ચે માલ્યાની અરજી પર સુનાવણી કરી. આ દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી કે વિદેશમાં રહીને કાયદાને પડકારવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તેમણે જણાવ્યું હતું કે માલ્યાના પ્રત્યાર્પણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.



માલ્યાના વકીલે દાવો કર્યો કે બેંકોની નાણાકીય જવાબદારી મોટેભાગે વસૂલ થઈ ગઈ છે, પરંતુ કોર્ટે કહ્યું કે ગુનાહિત જવાબદારી કોર્ટ સમક્ષ હાજર થયા વિના સમાપ્ત કરી શકાતી નથી. હવે આ કેસની આગામી સુનાવણી 12 ફેબ્રુઆરીએ થશે.

આ પહેલાં 16 ડિસેમ્બરે ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીએ લંડનની એક કોર્ટમાં પોતાના પ્રત્યાર્પણ પર રોક લગાવવા માટે નવી અપીલ દાખલ કરી હતી. ભારતની ED અને CBIની ટીમો પણ લંડનમાં હાજર છે. તેઓ ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS)ને મદદ કરી રહી છે, જેથી નીરવની અપીલનો વિરોધ કરી શકાય.

નીરવને ભારતમાં ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યો છે અને તે પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસમાં ટ્રાયલનો સામનો કરવા માટે વોન્ટેડ છે. નીરવ પર 6,498 કરોડ રૂપિયાથી વધુના ફ્રોડનો આરોપ છે. બ્રિટનની એક કોર્ટે પહેલાંથી જ ભારત સરકારની તરફેણમાં તેના પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે.

# પર્સનલ લોન 6 મહિનામાં 23% વધી : એક વર્ષ પહેલાં 3% સુધીનો ઘટાડો રહ્યો હતો, એપ્રિલ-સપ્ટેમ્બરમાં નવા ક્રેડિટ કાર્ડ 28% ઓછા જારી થયા

**નવી દિલ્હી, તા.24**

દેશમાં ઘર, ગાડી કે અન્ય ગ્રાહક જરૂરિયાતો માટે લોનના વલણોમાં એપ્રિલ-સપ્ટેમ્બર વચ્ચે મોટો ફેરફાર આવ્યો છે. જેએમ ફાઈનાન્સિયલ્સના રિપોર્ટ અનુસાર, પાછલા નાણાકીય વર્ષની મંદી પછી વપરાશ આધારિત બેંક લોન વધી છે.

ક્રેડિટ કાર્ડ સિવાય લગભગ તમામ સેગમેન્ટમાં વધુ લોન આપવામાં આવી છે. આ આગામી નાણાકીય વર્ષ માટે સકારાત્મક સંકેત છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના 6 મહિનામાં ક્રેડિટ કાર્ડ સિવાયની અન્ય તમામ કન્ઝ્યુમર લોનમાં વાર્ષિક 6% થી 23% સુધીનો વધારો થયો. જ્યારે, 2024-25માં આ વૃદ્ધિ -3% થી 11% ની વચ્ચે રહી હતી.

અનસિક્યોર્ડ લોન કેટેગરીમાં, પર્સનલ લોન સૌથી વધુ વધી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં પર્સનલ લોનનું વિતરણ લગભગ 23% વધ્યું, જ્યારે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તે વાર્ષિક 35% વધ્યું. ટીવી, ફ્રિજ, મોબાઈલ અને અન્ય કન્ઝ્યુમર ગુડ્સ સાથે સંકળાયેલ કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનનું વિતરણ પાછલા નાણાકીય વર્ષના 3% થી વધીને જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 19% થઈ ગયું.

આ કેટેગરીમાં પ્રાઈવેટ બેંકોનો માર્કેટ શેર પણ વધ્યો. જ્યારે, ક્રેડિટ કાર્ડ સેગમેન્ટમાં મંદી ચાલુ રહી. એપ્રિલ-સપ્ટેમ્બરમાં નવા કાર્ડ એક વર્ષ પહેલાં કરતાં 28% ઓછા જારી થયા.

# વિશ્વમાં ભારત પ્રથમ ક્રમની ઊભરતી બજાર હોવાનો માર્ક મોબિયસનો મત

**મુંબઈ, તા.24**

જાણીતા વૈશ્વિક રોકાણકાર માર્ક મોબિયસે ભારતને પ્રથમ ક્રમની ઊભરતી બજાર તરીકે ગણાવી છે અને તેની લોકસંખ્યાના લાભ તથા ક્રાંતિકારી નિર્ણયો તેના ભાવિ વિકાસના મુખ્ય પરિબળો બની રહેશે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) બુમ તથા સોના અને ક્રિપ્ટો કરન્સીઝ પર પોતાના મત વ્યકત કર્યા હતા.

વ્યાપક ધારણાંઓને લઈને એઆઈ ક્ષેત્ર હાલમાં બબલ જેવી સ્થિતિમાં છે જો કે હાલની સ્થિતિ ડોટ કોમ બબલ જેવી નથી. એઆઈ ટકી રહેશે અને મોટાભાગના ઉદ્યોગોમાં તેનું વિસ્તરણ થશે.

એઆઈ ક્રાંતિ ટકી રહેશે તે બાબતે કોઈ શંકા નથી જો કે તેમણે રોકાણકારોને આ ક્ષેત્રમાં સાવચેત રહેવા સલાહ આપી હતી. કેટલીક કંપનીઓ પોતાના નિષ્ણાતપણાંની અતિશયોક્તિ કરે છે. જે કંપનીઓ પ્રમાણિક રીતે એઆઈનો વિકાસ કરે છે તેમના પર જ ખાસ ધ્યાન આપવા તેમણે સલાહ આપી હતી.

ક્ષેત્ર માટે મહત્વના એવા હાર્ડવેર, ચિપ્સ તથા પાવર સિસ્ટમ્સમાં પ્રવૃત્ત ખેલાડીઓ પર જ વિચાર કરવા તેમણે સૂચન કર્યું હતું.



જંગી યુવા લોકસંખ્યા તથા હાલમાં ચાલી રહેલા વિકાસ કામોને ધ્યાનમાં રાખી તેમણે વિશ્વ સ્તરે ઊભરતા રાષ્ટ્રોમાં ભારતને મહત્વનો દેશ ગણાવ્યો હતો.

તાજેતરના સુધારા છતાં, હજુ ઘણું કરવાનું બાકી હોવાનો તેમણે મત વ્યક્ત કર્યો હતો ખાસ કરીને વિદેશી ઈન્વેસ્ટમેન્ટ આકર્ષવા વહીવટી કામગીરીને સરળ બનાવવા પર તેમણે ભાર આપ્યો હતો.

એઆઈને કારણે ભારતને નુકસાન થઈ રહ્યું છે કે કેમ એવા પુછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે સ્પષ્ટ હતું કે, ભારતની ૧.૪૦ અબજની વસતિ એઆઈના સ્વીકારમાં વધારો કરાવશે.

ચીનની વૈશ્વિક અસર ઓસરી રહી છે તેને ધ્યાનમાં રાખતા ભારતનું સોફ્ટવેર તથા હાર્ડવેર ઉત્પાદન વધવાની સ્થિતિમાં છે. સોના માટે તેમણે તેજીનું ધ્યાન વ્યકત કર્યું હતું. ક્રિપ્ટોકરન્સીસ પણ ટકી રહેશે. નાણાં વ્યવસ્થા પર નિયંત્રણ રાખવા તથા સ્વતંત્ર ક્રિપ્ટોસ સામે સ્પર્ધા કરવા વિશ્વભરની કેન્દ્રીય બેન્કોને તેમની પોતાની ડિજિટલ કરન્સીઝ બહાર પાડવા પણ મોબિયસે સૂચન કર્યું હતું.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**રિટાયરિંગ રૂમના સંચાલન અને જાળવણી માટે ઇ - હરાજી કરાર**

**કેટલોગ નં:**PnU-WRL-VRL-GG2

**કરારનો પ્રકાર:** નિવૃત્તિના સંચાલન અને જાળવણી માટેનો કરાર વેરાવળ રેલ્વે સ્ટેશન પર રૂમ, (ઉચ્ચ-વર્ગના વેઈટિંગ રૂમ (મહિલાઓ અને પુરુષો) અને એસી વેઈટિંગ હોલ, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન પર નિવૃત્તિ રૂમ અને શયનગૃહ (06 બેડ) 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે

**શ્રેણી:** ચૂકવણી કરો અને ઉપયોગ કરો

બિડર/ટેન્ડરરએ (IREPS/E-ઓક્શન) સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ - +91-72279 89486) પર સંપર્ક કરી શકાય છે.

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૦૩.૦૧.૨૦૨૬ થી ૧૧:૦૦ કલાકે ઓનલાઈન **વેબસાઈટ www.ireps.gov.in**

**હરાજી બંધ થવાનો સમય અને તારીખ:** 03.01.2026 થી 11:40 કલાક સુધી ઓનલાઈન **વેબસાઈટ www.ireps.gov.in**

BVP 228

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પરમ શ્રદ્ધેય
# શ્રી અટલ બિહારી વાજપેયીજીની
## જન્મ જયંતી પર કોટિ કોટિ વંદન...




# ૨૫મી ડિસેમ્બર
# સુશાસન દિવસ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## સુશાસનને મળશે નવો આયામ

### AB PMJAY-MA યોજના
- લાભાર્થીઓને ક્લેઈમની ચૂકવણીમાં **ગુજરાત સતત અગ્રેસર**

### મહેસૂલી સુધારા
- મહેસૂલી કાયદાઓ સરળ કરાયા
- iORA પોર્ટલ પર **ત્રણ વર્ષમાં ૧૭.૯ લાખ**થી વધુ અરજીઓ પ્રોસેસ કરાઈ

### મહિલા સશક્તિકરણ
- બે વર્ષમાં લખપતિ દીદીની સંખ્યા રાજ્યમાં **૫.૯૬ લાખ**ને પાર

### સ્ટાર્ટઅપને સરકારનું પ્રોત્સાહન
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન **પૉલિસી ૨.૦ અંતર્ગત છેલ્લા ૪ વર્ષ**માં રાજ્ય સરકાર દ્વારા **૧૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ**ને મળી સહાય

### મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના
- રાજ્યના **૪૦ લાખ**થી વધુ બાળકોને મળી રહ્યું છે **શિક્ષણ સાથે પોષણ**
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના **"પઢાઈ ભી, પોષણ ભી"** ના ધ્યેયને સાકાર કરતી ગુજરાત સરકાર

### ખેડૂતોને દિવસે વીજળી
- **કિસાન સૂર્યોદય યોજના** થકી રાજ્યમાં **૧૯ લાખ**થી વધુ ખેડૂતોને મળ્યો **દિવસે વીજળીનો લાભ**

"સશક્ત અને સમૃદ્ધ ગુજરાત માટે સુશાસન પાયાની જરૂરિયાત છે"
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત